Sheetal
ANYTIME TASTY
© 73000 51000

અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૧૦-૦૮-૨૦૨૪ શનિવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ
૬૧,૯૫૦/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૦૯-૦૮-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ શ્રાવણ સુદ ૬ વર્ષ : ૨૮ અંક ૩૦૯

# ચક્કરગઢ દેવળીયામાં બે બાળકો ઉપર શ્વાનનો હુમલો

## વાડીના રસ્તે શ્વાને હુમલો કર્યોઃ ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો



અમરેલી,

અમરેલી પંથકમાં ફરીથી શ્વાનનો આતંક શરૂ થયો હોય તેમ અમરેલીનાં ચકકરગઢ દેવળીયા ગામે વાડીમાં બે બાળકો રમતા હતા અને અચાનક આવી ચડેલા શ્વાનોએ ધનવંત કાલસિંગ બીલવાલ અને જે.સી.બીલવાલ નામના બાળકો ઉપર હુમલો કરતા બાળકોની ચીસો સાંભળી ખેતીકામ કરી રહેલા માતાપિતા દોડી ગયા હતા. શ્વાનના આતંકને કારણે ગ્રામ્ય વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો છે. અવાર નવાર ગ્રામ્ય વિસ્તારોમાં નાના બાળકોને શ્વાન પીખી રહયા છે. તેમ જાણવા મળ્યુ છે.

BEST TOURS & FOREX Pvt. Ltd.
જન્માષ્ટમી સ્પે.
₹78,840
બાલી
7D • 25 AUG.
૧૦૩-હાઇસ્ટ્રીટ બિઝનેસ બે, ડો. યાજ્ઞીક રોડ, રાજકોટ.
92275 59500

અમરેલી જિલ્લામાં એકમાત્ર...
LIC
સતત 5th Times C.O.T. 2024
CORPORATE CLUB MEMBER
સતત ૧૩ વર્ષથી M.D.R.T.
મનિષભાઇ એસ.ભટ્ટ
૯૮૨૪૨ ૫૬૧૫૮

AIRAVAT CANCER CARE
SHREE RMS HOSPITAL
ડો. ઋષિત દવે
એમ.એસ., એમ.સીએચ. (જી.સી.આર.આઇ)
કેન્સરનું નિદાન તેમજ કેન્સરના ઓપરેશનના નિષ્ણાંત...
તારીખ : ૧૦-૦૮-૨૦૨૪ ને શનિવારે
સમય : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ મળશે
શ્રી રાઘવેન્દ્ર મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ
એડ્રેસ : કરીયા રોડ, રેલ્વે ફાટક પાસે, અમરેલી
૬૩૫૩૧ ૧૩૯૯૨ | ૯૪૨૬૯ ૮૯૩૮૯
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૫૮૦/૨૨૯૫૮૦

Sheetal
વડાપાંવ ફક્ત ₹ 11
શીતલ રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી.
9510959954

## ભાવભરી શ્રધ્ધાંજલી

### સ્વ.મંજુલાબેન ડાયાભાઇ ગજેરા (ઉ.વ.૭૧)

સ્વ.તા.૬-૮-૨૦૨૪, મંગળવાર

શું આપીએ અંજલી શબ્દો ઓછા પડે છે, શું આપીએ પુષ્પાંજલી પુષ્પો ઓછા પડે છે,
બોલાવે છે ઈશ્વર જયારે સારા માણસોની તેને ખોટ પડે છે,
પુષ્પની માફક સુગંધ ફેલાવી જીવન એવું જીવી ગયા કે કયારેય ભુલાય નહી.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતી અર્પે એજ પ્રાર્થના...

લી.

વસંતભાઇ ગજેરા - ચેરમેનશ્રી
શાંતાબા મેડીકલ કોલેજ અને
જનરલ હોસ્પિટલ - અમરેલી




### કાંગારૂ માતૃ સંભાળ ફાઉન્ડેશનનાં ટ્રસ્ટી ડો. નિતીન ત્રિવેદીનાં નેતૃત્વમાં ખ્યાતનામ ડો. પરાગ ડગલી દ્વારા

# અમરેલીમાં વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી કરાઇ

## યશસ્વી સ્તનપાન અને કાંગારૂ માતૃ સંભાળ બાબતે અમરેલીનાં બાળ આરોગ્ય અને સ્ત્રી આરોગ્ય પ્રસુતિ નિષ્ણાંત તબીબો દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું

## અમરેલીનાં જાણીતા બાળરોગ નિષ્ણાંત પ્રેસીડેન્ટ ડો. નિતીન ત્રિવેદી તથા અમદાવાદના ખ્યાતનામ ડો. પરાગ ડગલી દ્વારા અમરેલીમાં કાર્યક્રમ યોજી નવતર આયોજન કરાયું





અમરેલી,

અમરેલીમાં વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી અંતર્ગત કાંગારૂ માતૃ સંભાળ ફાઉન્ડેશન દ્વારા ટ્રસ્ટી શ્રી નિતીન ત્રિવેદી અને મહામંત્રી ડો.પરાગ ડગલી દ્વારા માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. વિશ્વ સ્તનપાન સપ્તાહ નિમિતે યશસ્વી સ્તનપાન અને કાંગારૂ માતૃ સંભાળ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ડો.નિતીન ત્રિવેદી તથા અમદાવાદના ખ્યાતનામ ડો.પરાગ ડગલીએ તારીખ ૭મી ઓગષ્ટ ૨૦૨૪ બુધવારે અમરેલીમા કાર્યક્રમ યોજી નવતર આયોજન કર્યુ હતું. આ કાર્યક્રમમાં બાળ આરોગ્ય તેમજ સ્ત્રી આરોગ્ય પ્રસૂતિ નિષ્ણાંત ડોક્ટર મિત્રો સાથે યશસ્વી સ્તનપાન વિશે વાર્તાલાપ કર્યો હતો. આ ઉપરાંત નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ સંચાલિત આયુર્વેદિક મેડિકલ કોલેજમાં વિદ્યાર્થીઓ સાથે કાંગારૂ માતૃ સંભાળ તથા સ્તનપાન વિષય ઉપર ચર્ચા કરી હતી અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. એ જ રીતે સાંજનાં સમયે શાંતાબા ગજેરા મેડિકલ કોલેજમાં નર્સિંગ તેમજ મેડિકલના વિદ્યાર્થીઓ સાથે વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી કરી નવતર પ્રેરણા પુરી પાડી હતી. સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા કાંગારૂ માતૃ સંભાળ ફાઉન્ડેશનનાં પ્રમુખ ડો.નિતીન ત્રિવેદી (બાળરોગ નિષ્ણાંત) અને માનદ સેક્રેટરી ડો.પરાગ ડગલીએ જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં શહેરનાં ડો.નિતીન ત્રિવેદી, ડો.જયદિપ પટેલ, ડો.કૌશિક બારોટ, ડો.શૈલેષ સુદાણી, ડો.એસ.આર.દવે, ડો.લાખાણી, ડો.કેવલ પંડ્યા, ડો.કલ્પેશ વઘાસીયા, ડો.કિશન સવાણી, ડો.નિશા પંડ્યા, ડો.મીના ગોયાણી (સ્ત્રીરોગ નિષ્ણાંત) સહિત નામાંકીત તબીબો ઉપસ્થિત રહ્યાં હતાં.

# અમરેલી જિલ્લા રઘુવીર સેનાના શહેર પ્રમુખ પિયુષભાઇ સોનપાલનો આજે જન્મદિન

## ધર્મકાર્ય સેવા સાથે જન્મદિનની ભવ્ય ઉજવણી : શુભકામનાઓનો ધોધ



અમરેલી, (ડેસ્ક રિપોર્ટર)

અમરેલી શહેર રઘુવંશી સમાજનો અડધી રાતના હોકારા સમાન રઘુવંશી આગેવાન અને અમરેલી રઘુવીર સેનાના પ્રમુખ શ્રી પિયુષભાઈ સોનપાલનો આજે જન્મદિવસ છે. આજના જન્મદિવસને યાદગાર બનાવવા માટે શ્રી પિયુષભાઈ સોનપાલ પોતાના સગા વ્હાલા અને વિશાળ મિત્ર મંડળને લઈને રાંદલનાં દડવાના આશિર્વાદ મેળવી પ્રસાદ થાળ ધરશે અને બધાની સાથે સમુહ પ્રસાદ ભોજન લઈ પોતાનો જન્મદિવસની અનોખી રીતે ઉજવણી કરશે. શ્રી પિયુષભાઈ સોનપાલ વિનમ્ર અને માયાળુ સ્વભાવ ધરાવે છે અને લાગણીશીલ અને મળતાવડા હોવાથી તેઓ એક સુંદર વ્યક્તિત્વ ધરાવનારા વ્યક્તિ છે. કોઈપણ વ્યક્તિને કોઈપણ પ્રકારની અગવડતા હોય અને પિયુષભાઈનો સંપર્ક કરે તો તેની અગવડતા દુર કરવા તમામ પ્રયત્ન કરી લોકોની અગવડતા દુર કરે છે. પિયુષભાઈ સોનપાલ અમરેલી શહેરમાં સોનપાલ ઓટો એડવાઈઝર દ્વારા આર.ટી.ઓ. લગત કામગીરી કરનાર શ્રી સોનપાલ પોતાનું બહોળુ મિત્રવર્તુળ અને ગ્રાહક વર્ગ ધરાવે છે.

તેઓ રઘુવંશી સમાજના સંગઠન અને વિકાસ માટે ખુબ પ્રયત્નશીલ છે. આવુ સુંદર વ્યક્તિત્વ ધરાવનાર અમરેલી શહેર રઘુવીર સેનાના પ્રમુખશ્રી પિયુષભાઈનું હુલામણું નામ શ્રી મોન્ટુભાઈ છે. તેઓને અખીલ સૌરાષ્ટ્ર કચ્છ રઘુવીર સેના સુપ્રિમો અને જુનાગઢની કે કોર્પોરેશનના ડેપ્યુટી મેયરશ્રી ગીરીશભાઈ કોટેચા, મહામંત્રી શ્રી કૃષ્ણકાંતભાઈ રૂપારેલીયા, અમરેલી જીલ્લાના પ્રમુખશ્રી વિશાલભાઈ સોઢા, ઉપપ્રમુખ પ્રકાશભાઈ કારીયા, સાવરકુંડલાથી મહેશભાઈ મશરૂ, પ્રિતેશભાઈ માનસેતા, ભાવેશભાઈ સોઢા, બિરજુભાઈ અટારા, રવિભાઈ ભીમજીયાણી, સંજયભાઈ વણજારા, લીલીયાથી કિરીટભાઈ રવાણી, બાબરાથી રિષીભાઈ રૂપારેલીયા, બગસરાથી મોહીત મસરાણી, દામનગરથી હાર્દિકભાઈ શિંગાળા, વડીયાથી મિતુલભાઈ ગણાત્રા, તુષાર ગણાત્રા સહિત જીલ્લાભરના આગેવાનો, સગા સ્નેહીઓ તથા મિત્રો, શ્રી પિયુષભાઈના ઉજ્જવળ ભવિષ્ય માટે આશિર્વાદ સાથે અભિનંદન અને શુભકામના મો.નં. ૯૮૨૫૩ ૨૭૨૨૭ ઉપર પાઠવી રહયા છે. શ્રી પિયુષભાઈ સોનપાલ પોતાના જીવનના સફળતાપુર્વક ૪૯ વર્ષ પુરા કરી આજે ૫૦માં વર્ષમાં શુભ પ્રયાણ કરશે.

### પીરે તરીકત દિલાવરબાપુ ચીસ્તીના છઠ્ઠા ઉર્ષ પ્રસંગે

# અમરેલી બટારવાડીથી સંદલ શરીફનું ઝુલુસ નીકળ્યું

## ચાંદની ચોક સદભાવના ગૃપ પરિવાર દ્વારા સ્વાગત કરાયું : મેદની ઉમટી



અમરેલી, અમરેલી મોટા કસ્બામાં શાહગોરાની ડેલીના પીરે તરીકત દિલાવર બાપુ ચીસ્તીના છઠ્ઠા ઉર્ષ પ્રસંગે આજે સાંજના બટારવાડી પટેલ બેકરીથી શાહગોરાની ડેલી સુધી સંદલ શરીફનું જુલુસ નીકળતા મુસ્લીમ ભાઈ બહેનો બહોળી સંખ્યામાં જોડાયા હતા. આ જુલુસ ચાંદની ચોકમાં પહોચતા સદભાવના ગૃપ પરીવારના અઝીઝભાઈ ગોરી અને નવાબભાઈ ગોરી સહિતના આગેવાનોએ સાદાતોનું ફુલહાર અને ખેસ વડે સ્વાગત કર્યુ હતું. આ સંદલ શરીફ જુલુસ ચાંદની ચોકથી ટાવર રોડ જુની દાણા બજાર મોચી બજાર થઈ શાહ ગોરાની ડેલીએ પહોચ્યું હતુ. ત્યારબાદ ન્યાઝ તક્સીમનો કાર્યક્રમ યોજાયો હતો.

### ૨૦૨૪ના એપ્રિલ થી જૂન દરમિયાન અલગ અલગ કલમો અંતર્ગત

# તમાકુ નિયંત્રણ ધારા અંતર્ગત ૮૫૪ કેસ નોંધાયા, રુ.૭૦,૧૫૫ દંડની રકમની વસૂલાત

## જિલ્લા કલેકટરશ્રી અજય દહિયાના અધ્યક્ષસ્થાને અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખાની વિવિધ સમિતિઓની બેઠક

અમરેલી,

તા.૦૯ ઓગસ્ટ, ૨૦૨૪ (શુક્રવાર) અમરેલી જિલ્લા કલેકટરશ્રી અજય દહિયાના અધ્યક્ષસ્થાને અને વિકાસ અધિકારીશ્રી પરિમલ પંડ્યાની ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લા આરોગ્ય શાખાની વિવિધ સમિતિઓની બેઠક યોજાઈ હતી. અમરેલી જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા સંચારી રોગ સર્વેક્ષણ અને સંકલન સમિતિ, જિલ્લા ટાસ્કફોર્સ ઈમ્યુનાઈઝેશન (રસીકરણ) અને રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ હેઠળ જિલ્લા કક્ષાની તમાકુ નિયંત્રણ સ્ટિયરિંગ સમિતિ બેઠકમાં એજન્ડા મુજબ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાકક્ષાની ટોબેકો કંટ્રોલ સ્ટીયરીંગ કમિટીની બેઠક યોજાઈ હતી. ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામ-તમાકુ મુક્ત શૈક્ષણિક સંસ્થા શાળા કાર્યક્રમ મુજબ શાળા વિસ્તારથી નજીક હોય તેવા વિસ્તારમાં તમાકુ યુક્ત પદાર્થોનું વેચાણ થઈ શકે નહીં તે બાબતે કાયદાનું યોગ્ય રીતે પાલન કરવામાં આવે તે સહિતની વિશેષ સૂચનાઓ જિલ્લા કલેકટરશ્રીએ આપી હતી. ઉલ્લેખનીય છે કે, વર્ષ-૨૦૨૪ના એપ્રિલ થી જૂન દરમિયાન જિલ્લા સ્કવોડ, આરોગ્ય, પોલીસ, શિક્ષણ, વાહનવ્યવહાર, ખોરાક અને ઔષધ નિયમન, નગરપાલિકાઓ તમાકુ નિયંત્રણ ધારાના ભંગ બદલ વિવિધ કલમો અંતર્ગત ૮૫૪ કેસ નોંધાયા, દંડ પેટે રુ.૭૦,૧૫૫ની રકમ વસૂલ કરવામાં આવી હતી.

### ભાજપ સામે કોંગ્રેસનો મોરચો : મહીલા કોંગ્રેસ મેદાનમાં

# કોંગ્રેસ પક્ષની ન્યાય યાત્રાનો પ્રારંભ અમરેલીનાં શ્રી જેની ઠુમ્મર છવાયા

## ૩૦૦ કીલોમીટરની ન્યાયયાત્રા પાંચ જિલ્લામાંથી પસાર થશે : પાપનો ઘડામાં લોકોની ફરિયાદો એકત્ર કરાશે

અમરેલી, (ફીલ્ડ રિપોર્ટર)

મોરબીથી કોંગ્રેસની ન્યાય યાત્રાનો પ્રારંભ થતા ગુજરાતમાં ભાજપ સામે કોંગ્રેસનો મોરચો ખુલ્યો છે અને પહેલી વખત મહીલા કોંગ્રેસ મેદાનમાં આવી છે જેમા અમરેલીના શ્રી જેની ઠુમ્મર છવાયા છે.

આ ૩૦૦ કીલોમીટરની ન્યાયયાત્રા પાંચ જિલ્લામાંથી પસાર થશે જેમા રખાયેલ પ્રતિકાત્મક ઘડો 'પાપનો ઘડો'માં લોકોની ફરિયાદો એકત્ર કરાશે અને રાજય સરકારને આપવામાં આવશે.


**મકાન વેચવાનું છે**
વેસ્ટર્ન પાર્ક સોસાયટી, ચિતલ રોડ, અમરેલી
ચામુંડા કૃપા નામનું તમામ સુવિધાવાળુ
બે માળનું મકાન (બંગલો)
મોકાની જગ્યાવાળુ વેચાણ કરવાનું છે
ખરીદ કરવા માંગતા વ્યકિતએ સંપર્ક કરવો
પી.સી.પરમાર (નિવૃત મામલતદાર)
(દલાલ ભાઇઓ આવકાર્ય છે)
સંપર્ક : મો.૯૮૨૫૯ ૦૬૨૧૨

**જાનવી મોબાઇલ એન્ડ કવર હાઉસ**
દ્વારા શ્રાવણમાસ નિમિતે ધમાકેદાર ઓફર
એક મોબાઇલના કવર ઉપર એક મોબાઇલ સ્ટેન્ડ અને હેન્ડસફ્રી ફ્રી આપવામાં આવશે
અહીં રેલ્વે બુકીંગ અને એસ.ટી. બુકીંગ પણ કરવામાં આવે છે
લેડીઝ સ્ટાફની જરૂર છે
કોમ્પ્યુટરના જાણકારની પહેલી પસંદગી
વિજય ચોક, બગસરા મો.૯૭૨૫૦ ૪૮૧૦૦

**રસોઇઆ બહેન જોઇએ છે**
વડોદરા સ્થિત એક માતાજીના આશ્રમમાં
રસોઇઆ બહેન જોઇએ છે
રહેવા - જમવા તથા તેમના બાળકો
હોય તો તેમને ભણાવવાની
જવાબદારી આશ્રમ લેશે
સંપર્ક : મો.૯૪૨૭૨ ૫૫૮૮૭

**અમરેલીમાં મકાન વેચવાનું છે**
અમરેલીના સુખનાથપરામાં
તાત્કાલિક કસમાં પોણા વસાનું
2BHK ટોટલ માર્બલ ફ્લોરવાળુ
Duplex મકાન ફિક્સ ફર્નિચર સાથે વેચવાનું છે
સંપર્ક : ડો.મિહીર ગણાત્રા
મો.૭૦૧૬૮ ૫૬૧૬૮

**ભાડે આપવાની છે**
સત અમર હોટેલ વાળી જગ્યા
ભાડેથી આપવાની છે.
સોનાલીકા ટ્રેક્ટરની સામે, સાવન સીમેન્ટની
બાજુમાં, લાઠી રોડ, અમરેલી
-:: સંપર્ક ::-
મો.૯૯૨૫૨ ૧૧૬૬૯, ૭૬૦૦૨ ૩૬૬૬૯

**મકાન વેચાવ છે**
અમરેલીમાં ચિતલ રોડ તપોવન પાર્કમાં
ઉપર ત્રણ બેડરૂમ, નીચે બેડરૂમ હોલ,
કિચન, ફીક્સ ફર્નિચર, મોટુ ફળીયુ,
કલર, પીઓપી કરેલ, ત્રણ બાજુ જગ્યા,
અંદાજે ૧ વસા જગ્યામાં સંપુર્ણ સગવડતાવાળુ
બંગલા ટાઇપ મકાન વેચવાનું છે
સંપર્ક : મો.૮૨૦૦૬ ૩૮૬૨૪

**ભવાની ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**
A/C તથા NON A/C
ગાડી ભાડે મેળવવા માટે
વ્યાજબી ભાવમાં બ્રાન્ડ ન્યુ
મારૂતી અર્ટીગા (૭ સીટર)
મારૂતી સ્વીફ્ટ ડીઝાયર (૪ સીટર)
સંપર્ક :- ખોડાભાઇ મો.૯૮૨૫૪ ૯૦૫૭૦
લાલભાઇ મો.૯૯૨૪૯ ૯૦૫૭૦

**બે માળનું મકાન વેચવાનું છે**
રેલ્વે સ્ટેશન સામે, જીવન મુક્તેશ્વર મંદિર પાસે,
સરદાર પટેલ સોસાયટી, અમરેલી
ચાર વસા જમીનમાં, ૨૦૦ ફુટનો દાર, ગેસ
કનેકશન સહિત સંપુર્ણ સગવડતા ધરાવતુ
બે માળનું મોકાનું મકાન કસમાં વેચવાનું છે
સંપર્ક :- મો. ૯૪૨૯૪ ૧૫૯૮૫

અમરેલીનું ગૌરવ
**હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી
બર્થડે પાર્ટી
પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ
માત્ર
રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

A.P.C.C.S
માત્ર ૨૦ જ મીનીટમાં..
ફક્ત ૯.૯૦% ના વાર્ષિક
વ્યાજદરે અને સરળ
પ્રક્રિયા દ્વારા ગોલ્ડલોન
A.P.C.C.S
ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો-ઓપ.
સોસાયટી લી. - અમરેલી
''પીપલ્સ ભવન'', ફ્રુટ માર્કેટ
પ્રથમ માળ, ઇન્દીરા શોપીંગ સેન્ટર, અમરેલી
સંપર્ક : (૦૨૭૯૨) ૨૨૦૨૬૪, ૯૪૦૮૫ ૬૨૨૬૪

**જગ્યા વેચાણથી આપવાની છે**
બેંક, હોસ્પિટલ, શો-રૂમ લાયક જગ્યા
પહેલો માળ ''અવલકુંજ'' કોમ્પલેક્ષ
જુની કેનેરા બેંકવાળી જગ્યા
સ્થળ : લીલીયા રોડ, પટેલવાડીની સામે, અમરેલી
રસ ધરાવતા વ્યક્તિઓ નીચેના
નંબર પર સંપર્ક કરો
મો.૯૯૨૫૨ ૨૬૬૩૮, ૬૩૫૩૬ ૪૨૪૯૭

**જય માતાજી**
પેસ્ટ કંટ્રોલ સર્વિસ
10
નિયંત્રણ
ઉધઇ
ફક્ત ઇમ્પોર્ટેડ કેમીકલથી ગેરંટી સાથે
ઉધઇ ટ્રીટમેન્ટ - હાઇટેક પેસ્ટ કંટ્રોલ સર્વિસ
ઉધઇ-માકડ-વાંદા
વગેરે દવા છાંટી આપીશું
અજયભાઇ : ૬૩૫૪૮૬૩૫૭૪ / ૬૩૫૪૯૮૪૨૬૧

### શ્રી પરશોત્તમ રૂપાલાના કાકાના દિકરા અને ઇશ્વરીયા ગામના પ્રગતિશીલ ખેડુત શ્રી મનસુખભાઇ રૂપાલાનું નિધન થતા શ્રી રૂપાલા પરિવાર ઉપર વજ્રઘાત

# શ્રી પરશોત્તમ રૂપાલા પરિવારને સાંત્વના પાઠવતા સંતો

**પુ.દાનબાપુની જગ્યા ચલાલાના મહંત મહારાજ શ્રી પુજય વલકુબાપુ તથા સતાધાર જગ્યાના મહંત શ્રી પુજય વિજયબાપુ સહિતના સંતોએ શ્રી પરશોત્તમ રૂપાલા પરિવારને સાંત્વના પાઠવી**

**ઇશ્વરીયા ખાતે સદગતના બેસણામાં શ્રી દિલીપ સંઘાણી સહિતના રાજકીય, વેપારી સહિત વિવિધ ક્ષેત્રના આગેવાનોએ શ્રી પરશોત્તમ રૂપાલાના પરિવારના દુઃખમાં સહભાગી બન્યા**









અમરેલી,(ફીલ્ડ રિર્પોટર) શ્રી પરશોત્તમ રૂપાલાના કાકાના દિકરા અને ઈશ્વરીયા ગામના પ્રગતિશીલ ખેડુત શ્રી મનસુખભાઈ રૂપાલાનું નિધન થતા શ્રી રૂપાલા પરિવાર ઉપર વજઘાત થતા શ્રી પરશોત્તમ રૂપાલા પરિવારને પ્રાતઃવંદનીય સંતો-મહંતોએ તેમના બેસણા દરમિયાન સાંત્વના પાઠવી હતી.

સૌરાષ્ટ્રની ગુરૂગાદી એવી પુજય દાનબાપુની જગ્યા ચલાલાના મહંત મહારાજ શ્રી પુજય વલકુબાપુ તથા સતાધાર જગ્યાના મહંત શ્રી પુજય વિજયબાપુ સહિતના સંતોએ શ્રી પરશોત્તમ રૂપાલા પરિવારને સાંત્વના પાઠવી હતી ઈશ્વરીયા ખાતે સદગતના બેસણામાં ચલાલા દાનબાપુની જગ્યાનાં મહંત મહારાજ શ્રી પુજય વલકુબાપુ, સતાધાર જગ્યાનાં મહંત પુજય વિજયબાપુ, પુર્વ ધારાસભ્યશ્રી ઠાકરશીભાઈ મેતલીયા, શ્રી દિલીપભાઈ સંઘાણી, શ્રી અશ્વિનભાઈ સાવલીયા, અવધ ટાઈમ્સનાં તંત્રી શ્રી ભરતભાઈ ચૌહાણ, શ્રી વજુભાઈ ગોલ, શ્રી જયંતિભાઈ પાનસુરીયા, શ્રી જીતુભાઈ ડેર, શ્રી બિપીનભાઈ જોષી, શ્રી મનીષ સંઘાણી, શ્રી નારણભાઈ કાછડીયા, શ્રી મયુરભાઈ હિરપરા તથા સંતો, મહંતો, વિવિધ ક્ષેત્રનાં આગેવાનો સહિતના રાજકીય, વેપારી સહિત વિવિધ ક્ષેત્રના આગેવાનોએ શ્રી રૂપાલા પરિવારના દુઃખમાં સહભાગી બની સાંત્વના પાઠવી હતી.

## રાજુલામાં ચેક બાઉન્સ કેસમાં આરોપીને નિર્દોષ છોડતી કોર્ટ

**એડવોકેટ રાજેશભાઇ પરમાર અને પ્રફુલભાઇ બાબરીયા, પ્રવિણભાઇ ત્રિવેદીની દલીલો ગ્રાહ્ય રાખી**

રાજુલા, (કનુભાઈ વરૂ)રાજુલા એડિશનલચીફજયુડીશનલમેજિસ્ટ્રેટની કોર્ટમાં રાજ માર્કેટિંગ ના ભાગીદાર પ્રફુલભાઈ વિઠ્લદાસ હરિહર તથા અન્ય આરોપીઓ સામે અલગ અલગ ફરિયાદીઓએગોસનેબલ ૧૩૮ મુજબ ચેકરિટર્નનીફરિયાદરાજુલાકોર્ટમાં ૧૧ ૬૬૧૧૬૭૧૧૬૮૧૧૬૯ના નંબર મુજબદાખલકરીહતીજે રાજુલાકોર્ટમાં ચાલી જતા જજ શ્રી એ એચ ત્રિવેદીની કોર્ટમાંથીઆરોપીઓનેનિર્દોષછોડવામાં આવ્યા હતા જેમાં વિદ્વાન વકીલ તરીકે રાજેશભાઈ પરમાર પ્રફુલભાઈ બાબરીયા પ્રવીણભાઈ ત્રિવેદીની દલીલોને માન્ય રાખી આ ચુકાદો આપ્યો હતો.












રાજુલાના મહે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.રાજુલા

જન્મ મરણ અરજી નં. ૯૧-૨૦૨૩

અરજદાર : શ્રી ભુરાભાઈ અરજણભાઈ લાડુમોર રહે. છેલણા, તા.જાફરાબાદ

અરજદારના વિ.વ.શ્રી આર.એમ.ચૌહાણ

સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી છેલણા ગ્રામ પંચાયત તા.જાફરાબાદ

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના છેલણા ગામના રહીશ શ્રી ભુરાભાઈ અરજણભાઈ લાડુમોરએ તેમના પિતા સ્વ.અરજણભાઈ વસ્તાભાઈ લાડુમોરનું મરણ તા.૧૫-૦૮-૧૯૯૪ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ તેમના વકીલ આર.એમ.ચૌહાણ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી સદર અરજી દાખલ કરેલ છે તો આ કામના સામાવાળા મરણ રજીસ્ટરમાં નોંધ કરાવવી આપવા સામે કોઈને વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો. આજ તા.૩૦-૦૫-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
રાજુલા










AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૧૦-૦૮-૨૦૨૪ શનિવાર

# વિનેશ ફોગાટ પ્રકરણમાં એની સાથેની મેડિકલ ટીમનો જ આ ગંભીર છબરડો છે

પેરિસ ૫૦ કિલો ફ્રીસ્ટાઈલ કુશ્તીની ફાઈનલમાં પહોંચેલી કુશ્તીબાજ વિનેશ ફોગટ માત્ર ૧૦૦ ગ્રામ વજન વધારે હોવાના કારણે ગેરલાયક ઠરી તેના કારણે આખો દેશ આઘાતમાં સ્તબ્ધ છે. વિનેશે શાનદાર રમત બતાવીને એક જ દિવસમાં ત્રણ મેચ જીતીને ભારતનો સિલ્વર મેડલ તો પાકો કરી જ લીધેલો પણ ફાઈનલમાં જીતીને ભારતને કુશ્તીમાં પહેલો મેડલ જીતાડવાની આશા પણ ઊભી કરી દીધેલી.

બુધવારે રાત્રે વિનેશ ફોગાટની મેચ હતી ને એ પહેલાં બપોરે જ વિનેશ ગેરલાયક ઠરી હોવાના સમાચાર આવતાં આખો દેશ આઘાત પામી ગયેલો. ગોલ્ડ મેડલ જીતવાની વાત તો બાજુ પર રહી ગઈ પણ વિનેશે મેડલ લીધા વિના સાવ ખાલી હાથે પાછા ફરવું પડશે કોઈને કલ્પના પણ નહોતી. વિનેશે સેમિ ફાઈનલમાં ક્યુબાની કુશ્તીબાજ છોકરીને રમતાં રમતાં હરાવી દીધેલી તેથી લોકો ગોલ્ડ મેડલના સપનાં જોતાં હતાં ત્યાં વિનેશ ગેરલાયક ઠરતાં એન્ટિ ક્લાઈમેક્સ જેવી સ્થિતિ આવી ગઈ.

વિનેશ ગેરલાયક ઠરી પછી જાત જાતની વાતો વહેતી થઈ છે. વિનેશ ફોગાટે ભારતીય કુશ્તી ફેડરેશનના ભૂતપૂર્વ પ્રમુખ એવા નેતા બ્રિજભૂષણ શરણ સિંહ સામે કુશ્તીબાજ છોકરીઓના જાતિય શોષણના મામલે બાંયો ચડાવી દીધી હતી તેથી વિનેશને ગોલ્ડ મેડલ ના જીતવા દેવાઈ એવી વાતો પણ ચાલી રહી છે. કોંગ્રેસ સહિતના વિપક્ષોએ સંસદમાં વિનેશ ગેરલાયક ઠરી તેનો મુદ્દો ઉઠાવ્યો અને હોહા કરી મૂકી. આ હુમલાથી બઘવાયેલી નરેન્દ્ર મોદી સરકારે રમતગમત મંત્રી માંડવિયાને બચાવ કરવા ઉતાર્યા પણ માંડવિયાએ વિનેશ ફોગાટ પર ૧૭ લાખ રુપિયા ખર્ચ કરાયા હોવાનો બફાટ કરીને વાતને વધારે બગાડી દીધી.

કોંગ્રેસે સંસદની બહાર પણ આ મુદ્દો ચગાવ્યો છે. કોંગ્રેસના મહામંત્રી રણદીપ સૂરજેવાલાએ કેન્દ્ર સરકાર સામે આકરા સવાલ કરીને પૂછ્યું છે કે, વિનેશ ફોગાટને ગેરલાયક ઠેરવવામાં આવી એ મુદ્દે સરકાર ચૂપ કેમ છે? આ મામલે ભારતીય ઓલિમ્પિક સંઘે આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સંઘ સાથે વાત કરવી જોઈએ કેમ કે આ મેડલ માત્ર વિનેશ ફોગાટનો નહીં પરંતુ દેશનો છે.

સૂરજેવાલાના કહેવા પ્રમાણે, વિનેશનું વજન ૫૦ કિલો કરતાં ઓછું હોવાથી જ તે આગળની મેચો રમી શકી હતી. ઓલિમ્પિક ગેમ્સનો નિયમ ૧૧ કહે કે, બીજા દિવસે વજન વધે તો તેને આગળના દિવસ માટે લાગુ ના કરી શકાય. સૂરજેવાલાના કહેવા પ્રમાણે આ મામલે ઓલિમ્પિક સંઘે આંતરરાષ્ટ્રીય સ્તરે ઉગ્ર રજૂઆત કરવી જ જોઈએ પણ દેશની સરકાર મૌન ધારણ કરી કેમ બેઠી છે. વિનેશ ગોલ્ડ મેડલની હકદાર છે પણ ભારત સરકાર ઈચ્છે તો વિનેશને સિલ્વર અપાવી શકે છે એવી માગ કરતાં તેમણે કહ્યું કે, વિનેશે મેચ રમી હોત તો ગોલ્ડ લાવી શકી હોત પણ હારી ગઈ હોત તો પણ સિલ્વર મેડલ તો આવવાનો જ હતો એ જોતાં વિનેશ સિલ્વર મેડલ માટે પૂરેપૂરી હકદાર છે તેથી સરકારે અપીલ કરી મેડલ અપાવવો જ જોઈએ. સૂરજેવાલાએ કટાક્ષ કર્યો કે, મોદી રશિયા-યુક્રેન યુદ્ધ રોકાવી શકતા હોય તો વિનેશને મેડલ કેમ ના અપાવી શકે?

સૂરજેવાલાની વાતો ગધેડાને તાવ આવી જાય એવી છે. વિનેશ ગેરલાયક ઠરી તેના માટે તેનું વધેલું વજન જવાબદાર છે એવું ખુદ ભારતીય ટીમના ચીફ મેડિકલ ઓફિસર ડો. દિનશા પારડીવાલાએ કહ્યું છે. પેરિસ ઓલિમ્પિક્સમાં જ પહેલાં બે ખેલાડી આ રીતે વજન વધારે હોવાના કારણે ગેરલાયક ઠરી ચૂક્યા છે તેથી વિનેશ પહેલી એવી ખેલાડી નથી. વિનેશનું નિયમ પ્રમાણે મેચ પહેલાં વજન કરાયું તેમાં વજન વધારે નીકળ્યું પછી તેને પણ એ જ નિયમ લાગુ પડે કે જે બીજા ખેલાડીઓને લાગુ પડે છે. ઓલિમ્પિકના આયોજકોએ એ જ છે એ જોતાં આ મુદ્દે દલીલોને કોઈ અવકાશ રહેતો નથી.

વિનેશ ફોગાટનો મેડલ છિનવાયો તેની પાછળ રાજકારણ કે કાવતરું હોવાની વાતો થાય છે પણ એવી શક્યતા ઓછી છે. અલબત્ત ઓલિમ્પિક ટીમ સાથે પેરિસ ગયેલી મેડિકલ ટીમની જવાબદારી પૂરેપૂરી છે અને તેમની સામે પગલાં લેવાવાં જોઈએ. ભાજપના નેતા અને ભૂતપૂર્વ બ્રોન્ઝ મેડલ વિજેતા બોક્સર વિજેન્દરસિંહે અને ઓલિમ્પિક મેડલ વિજેતા બજરંગ પુનિયાએ પણ વિનેશ ફોગાટના ડિસક્વોલિફિકેશનને કાવતરું ગણાવ્યું છે. અલબત્ત તેમણે ફોડ પાડીને કોણ કાવતરું કર્યું ને કઈ રીતે કર્યું તેની વિગતો આપી નથી. એ લોકોએ અદ્ધરતાલ વાતો કરવાના બદલે નક્કર વિગતો આપવી જોઈએ પણ કદાચ તેમની પાસે કોઈ વિગતો નથી.

અલબત્ત ૨૦૦૮માં બીજિંગ ઓલિમ્પિકમાં બોક્સિંગમાં બ્રોન્ઝ મેડલ જીતનારા વિજેન્દરસિંહે મુદ્દા ઉઠાવ્યા છે એ વ્યાજબી છે. વિજેન્દરના દાવા પ્રમાણે, વેઈટ લિફ્ટર્સ, બોક્સર અને કુશ્તીબાજો એક જ રાતમાં ૫-૬ કિલોગ્રામ વજન ઘટાડી દેતાં હોય છે પણ વિનેશ ફોગટ એક કિલો વજન ના ઉતારી શકી એ આશ્ચર્યની વાત છે. વિનેશનું વજન ગ્રામ ઘટી ગયું અને ૧૦૦ ગ્રામ માટે વિનેશ ડિસક્વોલિફાય થઈ ગઈ.

પહેલાં વિનેશનું વજન એક કિલોગ્રામ વધી ગયું હોવાની વાત આવેલી ને તેના આધારે વિજેન્દરે આ વાત કરેલી પણ વાસ્તવમાં વિનેશનું વજન ૨.૭ કિલો વધારે થઈ ગયું હતું. જો કે તેનાથી કોઈ ફરક પડતો નથી કેમ કે એક રાતમાં કિલો વજન ઉતારી શકાતું હોય તો ૨.૭ કિલો પણ ઉતારી જ શકાય. મેડિકલ ટીમ તથા કોચિંગ સ્ટાફે કરેલી મહેનતના કારણે ૨.૬ કિલો વજન ઉતર્યું ને ૧૦૦ ગ્રામ વજન ના ઉતારી શકાયું એ જોતાં સોયના નાકામાંથી આખો હાથી નીકળી ગયો ને પૂંછડું ભરાઈ ગયું જેવી વાત થઈ.

વિજેન્દરના કહેવા પ્રમાણે, અને બોક્સરોને ભૂખ્યા-તરસ્યા રહીને કઈ રીતે વજન ઓછું કરવું તેની ખબર હોય છે. ભૂખ અને તરસ પર કંઈ રીતે કાબૂ મેળવવો તેની ટ્રેઈનિંગ અપાઈ હોય છે ને તેના આધારે રાતોરાત ૫-૬ કિલો વજન ઘટાડી દેવાય છે. આ રસ્તા ખબર જ હોવા છતાં એ કેમ વજન ના ઉતારી શકી એ સવાલ છે. આ મેડિકલ ટીમની ઘોર નિષ્ફળતા કહેવાય ને એ માટે તેની સામે પગલાં લેવાવાં જોઈએ.

બીજું એ પણ છે કે, વિનેશની સેમિ ફાઈનલ મેચ પછી ૧.૫ કિલો વજન વધશે એવી ગણતરી મેડિકલ ટીમે મૂકી હતી. તેના બદલે ૨.૭ કિલો વજન વધી ગયું. મતલબ કે, ગણતરી કરનારાંને કંઈ ખબર નહોતી. આવા લોકો ટીમ સાથે કઈ રીતે પેરિસ ઓલિમ્પિક ગેમ્સમાં પહોંચી ગયા તેની પણ તપાસ થવી જોઈએ.

## ફેક ઇમેલ આઇડી બનાવી

# રાજુલામાં ખાનગી કંપનીના કર્મચારીની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડી

## બદનામ કરવાના ઇરાદાથી ખોટી આઇડી બનાવી હાની પહોંચાડયાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમ રિપોર્ટર)રાજુલા માસ ફાયનાન્સ કંપનીમાં નોકરી કરતાં ગીરગઢડા તાલુકાના નાના સમઢીયાળા ગામના સંદિપભાઇ ધનજીભાઇ ગોલેતર અગાઉ આઈડીએફસી ફસ્ટ બેન્કમાં નોકરી કરતાં હોય તેની ગોલેતરસંદિપ ૯૬૯ એડધરેટજીઇમેઅલ.કોમ આઈડીનો દુર ઉપયોગ કરી આઈડીએફસી ફર્સ્ટ બેન્કના કંમ્પ્લાઇન્સ ડિપાર્ટમેન્ટ મંબુઈમાં સંપિદભાઈના નામથી ખોટા ઈમેલ કરી તેમની જાણ બહાર તેમની ટ્રાન્જેકશન હિસ્ટ્રીના તથા અન્ય ખોટા ઈમેલ કરી આઈડીએફસી ફર્સ્ટ બેન્ક અમરેલીના સ્ટાફમાં તેમની છાપ ખરાબ કરી તેમજ તેમને બેન્કિંગ સેકટરની નોકરીમાં પણ તકલીફ પડે તેવા બદ ઈરાદાથી તેમને સમાજમાં બદનામ કરવાના ઈરાદાથી પ્રતિષ્ઠાને હાની પહોંચાડી સંદિપભાઈના નામની ખોટી ઈમેલ આઈડી બનાવી ગુનો કર્યાની અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ગ્રહોની ચાલ




રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૧૦.૮.૨૦૨૪ શનિવાર ,સંવંત ૨૦૮૦ શ્રાવણ સુદ છઠ , ચિત્રા નક્ષત્ર , સાધ્ય યોગ, કૌલવ કરણ આજે સાંજે ૪.૧૭ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ કન્યા (પ ,ઠ ,ણ) ત્યારબાદ તુલા (ર,ત) રહેશે.

### શ્રાપિત દોષ કારકિર્દીમાં વારંવાર પછડાટ આપે છે!!

અત્રે લખ્યા મુજબ વૈશ્વિક ફલક પર એક પછી એક ઘટનાઓ બની રહી છે તો પશ્ચિમી દેશો પણ ચિંતા માં દેખાઈ રહ્યા છે બીજી તરફ શનિ કેતુ ષડાષ્ટક યોગ ચરમ પર છે અને રોજિંદા જીવનમાં પણ તેની અસર જોવા મળી રહી છે વળી કેતુ નવમી દ્રષ્ટિથી મંગળને જુએ છે જે જમીનમાં ધ્રુજારી અને ભૂકંપ આપનાર બને છે! તો બીજી તરફ શનિ રાહુ બાજુ બાજુમાં નાડી મુજબ અસર કરી રહ્યા છે જે કેટલાક શ્રાપને ફલિત કરી રહ્યા છે અને શ્રાપની વિશેષ અસરો જોવા મળી રહી છે તો સર્પ યોની જાગૃત થઈ છે માટે આ સમયમાં સર્પદંશથી સાવધ રહેવું જોઈએ તો સર્પ નો દોષ ના થાય તે પણ જોવું જોઈએ અને પાવન શ્રાવણ માસ ચાલી રહ્યો છે ત્યારે શિવજીની આરાધના કરવી જોઈએ કેમ કે અવકાશમાં થી ખુબ ઉર્જા આવી રહી છે જેને પચાવવા માટે શિવ આરાધના



જરૂરી છે ગોચર ગ્રહોની નકારાત્મક અસરમાં થી મુક્ત થવા પણ મૃત્યુંજય મંત્ર કરવો જોઈએ. જન્મકુંડળીમાં જયારે શનિ રાહુ સાથે આવે કે શનિ કેતુ સાથે આવે ત્યારે શ્રાપિત દોષની રચના થાય છે જે પિતૃદોષનું પણ સૂચન કરે છે અને જીવનમાં વારંવાર પડવા વાગવા અને અકસ્માત કે એ પ્રકારના બનાવોનું સર્જન કરે છે મારા વર્ષોના જ્યોતિષ અનુભવમાં મેં જોયુ છે કે આ પ્રકારે યોગ હોય ત્યારે વ્યક્તિને કારકિર્દીમાં પણ પછડાટ મળતી હોય છે આવા સંજોગોમાં કઈ રાશિ અને સ્થાનમાં આ યોગ થાય છે તે મુજબ તેનું નિવારણ કરવું જોઈએ અને વિશેષ પ્રકારે શિવ સાધના કરવી જોઈએ તથા પિતૃશાંતિ માટે ઉપાય યોજવા જોઈએ અને ખાસ વડીલોની વૃદ્ધોની સેવા કરવી જોઈએ!!

મેષ (અ,લ,ઈ) : તમારા મનમાં રહેલી કોઈ ઈચ્છા પૂરી થાય, જાહેરજીવનમાં સારું રહે. એક સાથે ઘણા લોકોને મળવાનું થાય.
વૃષભ (બ,વ,ઉ) : કામકાજમાં વ્યસ્તતા રહે , મનમાં થોડી અશાંતિ જોવા મળે, બેચેની જેવું લાગ્યા કરે , મધ્યમ દિવસ.
મિથુન (ક,છ,ઘ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્ર થી મુલાકાત થાય, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.
કર્ક (ડ,હ) :તમામ ભૌતિક સુખ સગવડ મળે, દિવસ આરામદાયક રહે. સ્ત્રીવર્ગને સારું રહે. વેપારીવર્ગને મધ્યમ.
સિંહ (મ,ટ) : રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, નવા કાર્યમાં આગળ વધી શકો. ગણતરીપૂર્વકના સાહસમાં લાભ થાય.
કન્યા (પ ,ઠ ,ણ ) : તમારા સૌમ્ય વાણી વર્તન થી લાભ થાય, લોકો તમારી સલાહ માને અને આદર આપે , આગળ વધી શકો.
તુલા (ર,ત) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, કલા સંસ્કૃતિમાં રસ લઈ શકો ,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.
વૃશ્ચિક (ન ,ય ) : ખર્ચ પર અંકુશ રાખવો, બિનજરૂરી નાણાંનો વ્યય ના કરવા સલાહ છે, પૈસા નું આયોજન કરવું જરૂરી છે.
ધન (ધ ,ભ ,ફ ,ઢ ): સગા સ્નેહી મિત્રો થી સારું રહે, અન્યની મદદ થી કાર્ય પૂર્ણ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
મકર (ખ ,જ ) : કામકાજ માં સફળતા મળે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.
કુંભ (ગ ,સ,શ ) :અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથ માં આવે, પ્રગતિ થાય.
મીન (દ ,ચ ,ઝ,થ):માનસિક ટેન્શન રહ્યા કરે, કામ માં રુકાવટ આવતી જોવા મળે, અણધાર્યા પ્રશ્નો નું નિરાકરણ કરવામાં સમય વીતે.

## પવન ચકકીનું કામ કરવું હોય તો રૂપિયા આપવા પડશે

# ખંભાળામાં ટાવર દીઠ દોઢ લાખની ખંડણી માંગી

## રઘુ બસીયા સહિત ૪એ મારમારી લેબરની ગાડીના કાચ તોડી ધમકી આપ્યાની પોલીસ ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) બાબરા તાલુકાના ખંભાળા ગામે બનાસકાંઠા જિલ્લાના કોટડા ગામના ઓધવ એન્ટરપ્રાઈઝના સાઈડ મેનેજર નરેશભાઈ ધનાજી ચૌધરીની કંપનીનું કામ કરકોલીયા ગામે ચાલુ હોય અને નરેશભાઈ તેની ઈનોવા કાર લઈ મજુરોને લેવા જતાં હતાં. ત્યારે ખંભાળા ગામે પહોંચતાં બોલેરો જી જે ૦૩ ડી ડબલ્યુ ૭૬૮૯ ઈનોવા કારની આગળ રાખી ઉભા રખાવી રઘુ બસીયા રહે. બાબરા અને ત્રણ અજાણ્યા શખ્સોએ ગાડીમાંથી ઉતરી કંપનીના લેબરની ગાડી ઉપર લાકડી મારી એક અજાણ્યા શખ્સે કાચ તોડી બોલેરોના ચાલક સુનિલભાઈને ઢીકાપાટુનો મારમારી બે અજાણ્યા શખ્સો જેમ ફાવે તેમ ગાળો બોલી નરેશભાઈને ઢીકાપાટુનો મારમારી પવનચકકીનું કામ કરવું હોય તો ટાવર દિઠ એક લાખ રૂપિયા આપવા ખંડણી માંગી જાન થી મારનાખવાની ધમકી આપી ગુનો કર્યાની બાબરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## દિકરીઓને વધારે પડતો મોબાઇલ જોવા નહીં આપવાનું કહેતાં

# નાના બારમણમાં પરિણીતા ઉપર હુમલો

## પતિએ સળીયા અને ઢીકાપાટુ વડે મારમારી ધમકી આપી

અમરેલી,(ક્રાઈમ રિપોર્ટર)ખાંભા તાલુકાના નાના બારમણ ગામે રહેતી ભારતીબેન અનિલભાઈ પરમાર ઉ.વ.૩૦એ પતિને તેની દિકરીઓને મોબાઈલ જોવા આપતાં હોય જેથી ભારતીબેનને પતિને છોકરીઓને વધારે પડતો મોબાઈલ જોવા આપવો નહીં તેવું કહેતાં સારૂ નહી લાગતાં પતિ અનિલે ગાળો બોલી લોખંડના સળીયા વડે માથામાં અને બન્ને હાથના બાવડા ઉપર તેમજ ગોઠણના ભાગે આડેધડ સળીયા વડે ઈજા કરી ઢીકાપાટુ વડે મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યાની ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના જાહેરનામાનો ભંગ કરતાં ચાર ટ્રક ચાલકો સામે ગુનો નોંધાયો

## સવારના છ થી રાત્રી દસ સુધી ભારે વાહનોના શહેરમાં પ્રતિબંધનો ભંગ કર્યો

અમરેલી,(ક્રાઈમ રિપોર્ટર)અમરેલી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના ૨૯-૧૧-૨૦૧૯થી અમરેલી શહેરમાં સવાર ૬ થી રાત્રીના ૧૦ સુધી ભારેથી અતિભારે વાહનો બસ અને ટ્રક જેવા વાહનોના શહેરમાં પ્રવેશ તેમજ અવર જવર અને જાહેર માર્ગો ઉપર અડચણરૂપ પાર્ક કરવા પ્રતિબંધ ફરમાવતાં જાહેર નામાનો ભંગ કરતાં ચાવંડના ભુપત માંગાભાઈ બાંભવા, વિજય ચતુરભાઈ સોલંકી, નજીર ફલજીભાઈ મકવાણા, ઈકબાલ સુલેમાનભાઈ મોર જાહેરનામાનો ભંગ કરતાં પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

## કોર્ટની તારીખમાં શું દલીલ થઇ તેની માહિતી લેવા અમરેલી આવતાં

# મોણપુરના પ્રૌઢ ઉપર ટીંબા ઠેબી નદી નજીક સસરા સહિત બેએ હુમલો કર્યો

## ઢીકાપાટુનો મારમારી પછાડી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) અમરેલી તાલુકાના ટીંબા વટીને ઠેબી નદીના પુલ નજીક મોણપુર ગામના છગનભાઈ કરશનભાઈ ખુમાણ ઉ.વ.૪૫ તા.૬-૮ના બપોરના કોર્ટમાં ઈન્કવાયરી ચાલતી હોય. જેની મુદતમાં જઈ શકેલ ન હોય જેથી આજની તારીખમાં શું દલીલ થઈ તે અંગેની માહિતી લેવા માટે અમરેલી આવતાં હોય તે વખતે છગનભાઈને તેના સસરા મંગા માણંદભાઈ ચાચીયા અને મંગાભાઈના દિકરા જેવો કોઈ શખ્સ મોઢે રૂમાલ બાંધેલ સામા મળેલ અને ઉભા રાખી મંગાએ કહેલ કે કેસ બાબત સમાધાન કરવું હોય તો તારી માને કહે જે ૧૦ લાખ રૂપિયા રાખે તેમ કહેતાં છગનભાઈએ કહેલ કે હું દર મહિને ભરણ પોષણ ભરૂ છું અને તમારે નથી છુટુ આપવું કે નથી દિકરી મોકલવી કોર્ટમાં નિર્ણય આવે તે થાશે તેમ કહેતાં મંગાભાઈના દિકરા જેવો કોઈ શખ્સ મોઢે રૂમાલ બાંધેલ છગનભાઈને પકડી રાખી સસરા મંગાએ ઢીકાપાટુનો મારમારી નીચે પછાડી દઈ જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની અમરેલી તાલુકા પોલીસ મથકમા ફરિયાદ નોંધાવી છે.

# નવા ઉજળાની સીમમાં પ્રૌઢ ઉપર હુમલો

## ત્રણ શખ્સોએ લાકડી વડે મારમારી ઇજા કર્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) કુંકાવાવ તાલુકાના નવા ઉજળા ગામના અશોકભાઈ લક્ષ્મણભાઈ કાવઠીયા ઉ.વ.૫૦ પોતાનું બાઈક લઈ જમવા જતાં હોય તે વખતે રસ્તામાં બાઈક જીજે ૧૪ એએમ ૮૧૯૫નો ચાલક રોંગ સાઈડમાં આવતો હોય જેથી ઠપકો આપતાં તેનું મનદુઃખ રાખી બાઈક ચાલક તથા અન્ય બે શખ્સોએ લાકડી વડે મારમારી મુંઢ ઈજા કરી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની વડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી પાલિકાના ચિફ ઓફિસરની ચેમ્બર સામે મૃત પ્રાણીના અવેશોષો મુકી ગંદકી ફેલાવી

## ચિફ ઓફિસર શ્રી પટેલે ત્રાસ દાયક કૃત્ય કરવા બદલ ત્રણ શખ્સો સામે ફરિયાદ કરી

અમરેલી,(ક્રાઈમ રિપોર્ટર) અમરેલી નગર પાલિકાના ચિફ ઓફિસરની ચેમ્બર બહાર લોબીમાં તા.૮-૮ના સાંજના કોઈ મૃત પ્રાણીના છુટા છવાયા અવશેષો મુકી ખુબજ ગંદકી તેમજ દુર્ગંધ ફેલાવી જાહેર ત્રાસ દાયક કૃત્ય કરતાં બળવંત ચિમનભાઈ પરમાર, જીતુ ડાયાભાઈ ટીમાણીયા અને એક અજાણ્યા શખ્સ સામે અમરેલી સિટી પોલીસ મથકમાં ચફિ ઓફિસર હિતેષ કુમાર કાંતિલાલ પટેલે ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જિલ્લામાં છ શખ્સો રાજાપાઠમાં ઝડપાયા

## ચાર સ્થળોએ દેશીદારૂના દરોડા : બે મહિલા સહિત ૪ ઝડપાયા

અમરેલી,(ક્રાઈમ રિપોર્ટર)અમરેલી જિલ્લામાં પોલીસે જુદા જુદા સ્થળોએથી છ શખ્સોને નશો કરી રાજાપાઠમાં નિકળતાં ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં જાફરાબાદ, લીલીયા અને અમરેલી રૂરલ પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તેમજ જિલ્લામાં જુદા જુદા ૪ સ્થળોએ દેશીદારૂના દરોડાઓ પાડી બે મહિલા સહિત ૪ શખ્સોને મુદામાલ સાથે ઝડપી પાડયાં હતાં. જેમાં ખાંભા, લાઠી અને બગસરા પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરી હતી.

# ડુંગરમાં ટી પોઇન્ટ નજીક પુરઝડપે બોલેરો ચલાવતાં ગુનો નોંધાયો

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) રાજુલા તાલુકાના ડુંગર ટી પોઈન્ટ નજીક મોહન સવજીભાઈ સોલંકી રહે. પીપાવાવ વાળાએ પોતાનું પિકઅપ બોલેરો જીજે ૧૪ એકસ ૪૭૪૩ બીજા વાહનચાલકો તથા રાહદારીઓના જીવન જોખમમાં મુકાય તે રીતે પુર ઝડપે અને બેફિકરાઈથી ચલાવતાં પોલીસે ઝડપી લઈ કાર્યવાહી હાથ ધરી હતી.

# માલવણ ગામની સીમમાં ઝેરી દવાની અસર થતાં વૃધ્ધનું સારવારમાં મોત

## દવાવાળા હાથે બે ત્રણ વખત બિડી પીતાં ઝેરી અસર થતાં મોત નિપજયું

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) અમરેલી તાલુકાના માલવણ ગામની સીમમાં ભુપતભાઈ શામજીભાઈ મકવાણા ઉ.વ.૬૧ કપાસના વાવેતરમાં જંતુનાશક દવાનો છંટકાવ કરેલ હોય. જે દવાવાળા હાથે બે ત્રણ વખત બિડી પીતાં શ્વાસો શ્વાસમાં ઝેરી અસર થતાં સારવાર માટે અમરેલી દવાખાને ખસેડાતાં સારવાર દરમિયાન મોત નિપજયાનું પત્નિ પુરીબેન ભુપતભાઈ મકવાણાએ અમરેલી તાલુકા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# જાફરાબાદના મોટા માણસામાં પ્રૌઢ અને સાવરકુંડલામાંથી યુવતી ગુમ

અમરેલી,(ક્રાઈમ રિપોર્ટર) જાફરાબાદ તાલુકાના મોટા માણસા ગામે અશોકભાઈ જાદવભાઈ ગુજ્જર ઉ.વ.૪૨ તા.૪-૮ના બપોરના ટીંબી ગામે ખરખરાના કામે જવાનું કહી ઘરેથી ગુમ થયાંનું ભરતભાઈ જાદવભાઈ ગુજ્જરે નાગેશ્રી પોલીસ મથકમાં જાહેર કરેલ છે. જયારે બીજા બનાવમાં સાવરકુંડલામાં રહેતી યુવતી ઘરેથી કોલેજ જવાનું કહી તા. ૮-૮ના કોઈને જાણ કર્યા વગર ગુમ થયાનું યુવતિના પિતાએ સાવરકુંડલા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# દામનગરમાં બે શખ્સો ૭ બોટલ ઇંગ્લીશ દારૂ સાથે ઝડપાઇ ગયા

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) દામનગરમાં અમી પાર્ક શુભમભાઈના મકાનમાંથી કરણ બનેસંગભાઈ રાઠોડ તથા લાલો ગોરખભાઈ વાણીયાને પો.કોન્સ લાલભાઈ પરમારે ઈંગ્લીશ દારૂની ૭ બોટલ રૂા. ૨૪૫૦ના મુદામાલ સાથે રેઈડ દરમિયાન ઝડપી પાડયા હતાં.

# રાજુલા નાગરિક બેંકમાંથી લોન લઈ રકમ ન ભરનાર જેલ હવાલે

## નાગરિક બેન્ક દ્વારા લોન રિકવરી અભિયાનનો પ્રારંભ

રાજુલા,રાજુલા નાગરિક બેંક રાજુલા શહેર તથા આસપાસ ના ગ્રામ્ય પંથક માં છેલ્લા ઘણા વર્ષોથી બેન્કિંગ સેવા આપે છે, જેમાં રાજુલા ના નાના અને મધ્યમ વર્ગ ના લોકો ને જરૂરી આર્થિક મદદ આ બેંક કરી રહી છે, બેંક ચેરમેન મહેન્દ્ર ભાઈ ધાખડા અને સમગ્ર બોર્ડ ઓફ ડાયરેકટર દ્વારા છેલ્લા ઘણા સમય થી રિકવરી અભિયાન શરૂ કરેલ છે જેમાં રાજુલા નાગરિક બેંક માંથી લોન લઈ સમયસર ભરપાઈ નહિ કરનાર શ્રી રાજુભાઈ ખોખર સામે બેંક દ્વારા બેંક ના વકીલ શ્રી રાજેશભાઈ જોશી દ્વારા કોર્ટ કાર્યવાહી કરવામાં આવેલ જેમાં કોર્ટ દ્વારા સદર કેસ ચાલી જતાં લોન લેનાર ને બેંક માં સમયસર લોન ભરપાઈ નહિ કરવા બદલ જેલ હવાલે કરેલ છે, આથી બેંક ના અન્ય બાકીદારો માં પણ ફફડાટ વ્યાપી ગયેલ છે તેમજ આગામી સમય માં પણ જે બાકીદારો ની લોન ઓવરડ્યું છે તેમાં પણ આ જ પ્રકાર ના લેવામાં આવશે તેવી માહિતી બેંક દ્વારા આપવામાં આવેલ છે

# ખડાધાર નજીક મોબાઇલ ચોરાયો

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) ખાંભા તાલુકાના મિતીયાળા ગામના કનુભાઈ વાલજીભાઈ પરમાર ઉ.વ.૬૦નો સેમસંગ ગેલેકસી મોબાઈલ રૂા.૧૪,૯૯૦ની કિંમતનો ખડાધાર તરફ જતાં મામાદેવના મંદિર પાસે કોઈ ચોરી ગયાની ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# બંગાળની ખાડીમાં સિસ્ટમ સક્રિય થતાં ગુજરાતના ઘણા વિસ્તારોમાં વરસાદ પડે તેવી શકયતા

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૩૫ થી ૧૫૫૪ મગફળી ૯૧૫ થી ૧૨૨૧

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૦૨૬-૧૦૮૧
શિંગમોટી-૯૧૫-૧૨૨૧
શીંગફાડા-૧૨૯૫-૧૪૨૬
તલસફેદ-૧૭૨૦-૨૪૨૬
તલકાળા-૨૭૨૦-૩૫૬૮
એરંડા-૮૭૦-૧૧૬૦
ઘઉંટુકડા-૪૫૪-૬૧૪
ઘઉંલોકવન-૪૧૨-૫૮૪
મકાઈ-૪૧૧-૪૧૧
ચણા-૧૧૦૦-૧૪૦૨
કપાસ-૯૩૫-૧૫૫૪
જુવાર-૩૬૦-૮૦૧
જીરૂ-૪૦૨૫-૪૫૯૦
ધાણા-૯૪૦-૧૨૭૧
સોયાબીન-૭૭૦-૮૨૫
કાંગ-૧૦૫૧-૧૦૫૧
અજમા-૧૫૦૦-૧૮૦૦

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૪૦-૫૪૦
રીંગણા-૮૦૦-૯૦૦
ફલાવર-૯૦૦-૧૦૦૦
કોબીઝ-૬૦૦-૭૦૦
ટમેટાં-૭૦૦-૮૦૦
ફોદીનો-૮૫૦-૯૫૦
ગાજર-૫૦૦-૬૫૦
ગલકા-૪૦૦-૫૦૦
કાકડી-૩૦૦-૫૦૦
ગુવાર-૧૮૦૦-૨૦૦૦
દુધી-૨૦૦-૨૯૦
તુરીયા-૫૦૦-૬૦૦
ભીડો-૭૦૦-૮૦૦
આદુ-૧૧૫૦-૧૨૫૦
કોથમીર-૮૦૦-૧૦૦૦
મેથીભાજી-૬૦૦-૭૦૦
ટીંડોરા-૮૦૦-૯૫૦
લીમડોમીઠો-૧૧૦-૧૩૦
મરચાલીલા-૮૦૦-૧૦૦૦
લસણસુકું-૩૦૦૦-૪૦૦૦
લીંબુ-૭૦૦-૮૦૦
પાલક-૫૫૦-૬૩૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૬૦-૫૪૦
જુવાર-૬૦૦-૭૧૬
ઘઉં-૪૭૦-૫૪૭
શીંગદાણા-૧૪૪૭-૧૪૪૭
ચણા-૧૨૦૦-૧૨૦૦
તલસફેદ-૨૩૦૦-૨૩૪૫
મેથી-૧૨૦૦-૧૨૦૦
એરંડી-૯૨૬-૯૨૬
કપાસ-૧૪૦૦-૧૪૪૧
રાય-૧૦૬૦-૧૦૬૦
શીંગ-૧૦૩૫-૧૦૩૫

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૯૦-૬૨૨
ડુંગળીલાલ-૧૦૯-૬૧૫
અડદ-૧૭૦૨-૧૯૯૯
તલસફેદ-૧૯૦૦-૨૪૯૬
રાય-૧૧૮૦-૧૧૮૦
મકાઈ-૪૯૨-૪૯૨
શીંગદાણા-૧૪૨૬-૧૪૩૭
નાળીયેર-૪૧૫-૧૭૮૦
વાલ-૧૮૦૧-૧૮૦૧
બાજરી-૪૦૯-૫૧૪
જુવાર-૩૯૩-૬૯૦
એરંડા-૯૩૫-૯૮૨

**બાબરા**
કપાસ-૧૩૫૦-૧૫૦૫
ઘઉં-૫૧૫-૫૬૪
તલસફેદ-૨૦૦૦-૨૩૦૦
જીરૂ-૪૨૫૦-૪૮૦૫
મગફળી-
બાજરો-

**ધારી**
ધાણા-
ચણા-૧૧૯૯-૧૨૭૧
જુવાર-
મગફળી-
અડદ-૧૭૨૦-૧૭૨૦
મગફળી-૧૦૫૦-૧૦૫૦
તુવેર-
શીંગફાડા-૧૧૩૫-૧૧૩૫
ઘઉં-૫૨૩-૫૨૩
સોયાબીન-

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૧૦૦-૧૧૫૧
શીંગદાણા-૧૦૫૦
જીરૂ-૪૫૦૦-૪૭૭૦
તલસફેદ-૨૧૦૦-૨૪૨૪
કપાસ-૧૨૨૫-૧૫૧૫
ઘઉંલોકવન-૫૦૦-૫૪૧
મગ-૧૪૫૦-૧૫૮૦
ઘઉંટુકડા-૫૦૦-૫૬૨
ચણા-૧૨૦૦-૧૩૪૧
તુવેર-
જુવાર-૫૦૦-૬૪૦
બાજરો-૪૦૦-૪૬૩
સોયાબીન-

**ખાંભા**
કપાસ-
જુવારસફેદ-૭૫૦-૭૫૦
અડદ-
તલસફેદ-
ઘઉં-
બાજરો-૪૦૦-૪૦૦
સોયાબીન-
જીરૂ-

**બગસરા**
જુવાર-૫૭૦-૫૭૦
મગફળી-૧૧૨૦-૧૧૨૦
ચણા-૧૨૮૦-૧૩૬૦
બાજરો-૪૦૦-૪૩૫
શીંગફાડા-૧૧૬૦-૧૧૬૦
ઘઉંટુકડા-૪૬૧-૫૪૦
ઘઉંલોકવન-૫૦૦-૫૪૩
ધાણા-૧૧૩૫-૧૧૩૫
તલસફેદ-૨૩૫૦-૨૩૫૦
મગ-૧૫૩૦-૧૫૩૦
સોયાબીન-૮૮૬-૮૦૩
મકાઈ-૩૫૦-૩૫૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૬૫૦-૧૦૦૦
દાડમ-૬૦૦-૨૪૦૦
મુસંબી-૬૦૦-૧૦૦૦
સંતરા-૧૬૦૦-૨૪૦૦
કીવી-૫૦૦૦-૬૦૦૦
ડ્રેગન ફ્રુટ-૧૬૦૦-૨૦૦૦
અનાનસ-૧૬૦૦-૨૦૦૦
ખારેક-૧૪૦૦-૧૯૦૦
કેળા-૩૫૦-૫૫૦
પોપૈયા-૭૦૦-૧૦૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૩૦૦૦-૪૦૦૦

### અમરેલી આજનું તાપમાન


મહ ।મ તાપમાન ૩૨.૪
ન્યુનતમ તાપમાન ૨૬.૦
ભેજનું પ્રમાણ ૮૩
પવનની ગતિ સરેરાશ ૭.૩

### આજે વિશ્વ સિંહ દિવસ નિમિત્તે


# સાસણમાં આજે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં સિંહદિનની ઉજવણી

## સાસણ સહિત વિસ્તારોમાં સિંહોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જુન ૨૦૨૦ની ગણતરી મુજબ સિંહોની સંખ્યા વધીને ૬૭૪ થઇ

## સૌરાષ્ટ્રના ૯ જિલ્લામાં ૩૦ હજાર ચો. કિમી વિસ્તારમાં એશિયાટીક સિંહોનો કાયમી વસવાટ : સિંહ સંરક્ષણ અને સંવર્ધન સહિત સુવિધા



અમરેલી,ગુજરાતમાં વર્ષ ૨૦૨૦ની ગણતરી મુજબ સિંહની સંખ્યા ૬૭૪થી વધુ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં તેમજ વન-પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં આવતીકાલે તા. ૧૦ ઓગસ્ટના સવારે ૧૦.૦૦ કલાકે કમ્યુનિકેશન સેન્ટર, સિંહ સદન, સાસણ-ગીર ખાતે 'વિશ્વ સિંહ દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. એશિયાટીક લાયન લેન્ડસ્કેપના ૧૧ જિલ્લાઓ જૂનાગઢ, અમરેલી, ગીર-સોમનાથ, પોરબંદર, ભાવનગર, બોટાદ, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, દેવભૂમી દ્વારકા અને જામનગરની શાળાઓ-ગામોમાં આ ઉજવણી કરવામાં આવશે. વન વિભાગ દ્વારા WorldLionDay2024 હેઝટેગ બનાવવામાં આવ્યું છે તેનો ઉપયોગ કરી ભારતભરના અને વિશ્વના સિંહપ્રેમીઓ, એન.જી.ઓ., પ્રકૃતિ જન પ્રતિનિધિઓ, અધિકારીઓ, ગ્રામજનો તેમના ટેક્ષ મેસેજ, ફોટોગ્રાફસ, ટૂંકા વિડીયો સોશ્યલ મીડિયા પર શેર કરી આ ઉજવણીમાં ભાગીદાર થાય તે માટે જાગૃત કરવામાં આવશે. ઉપરાંત આ સંદેશો વધુમાં વધુ નાગરિકો સુધી પહોંચે તે માટે સાહિત્ય-કલાકારો દ્વારા પણ પ્રસિદ્ધ કરવામાં આવશે. આ ઉજવણીમાં વધુમાં વધુ



નાગરિકો સહભાગી થાય તે માટે વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતી દ્વારા

## જાફરાબાદ તાલુકા હાથ સે હાથ કોંગ્રેસ અભિયાનમાં હોદેદારોની વરણી કરાઇ

### પ્રમુખ તરીકે મહેન્દ્રભાઇ વરૂ, જસુભાઇ ધાખડા સહિતની વરણી



જાફરાબાદ,ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતી દ્વારા જાફરાબાદ તાલુકાના હાથ સે હાથ કોંગ્રેસ અભિયાનના હોદેદારોની વરણી થતા તાલુકા પ્રમુખ તરીકે મહેન્દ્રભાઈ વરૂ અને ઉપપ્રમુખ તરીકે જસુભાઈ ધાખડા, ઉકાભાઈ પરમાર, રમેશભાઈ સાંખટ, આરીફભાઈ સરવૈયાની નિમણુંક કરવામાં આવી છે જેને સર્વેએ આવકારેલ છે.

## બાબરા પો. સ્ટે. ના મારામારી અને છેડતીના ગુનામાં આરોપીઓના જામીન મંજુર કરતી કોર્ટ

### આરોપીઓ તરફે એડવોકેટ એચ. એમ. રાઠોડની દલીલો ગ્રાહય રાખી

પ્રતાપપરા, (ગીરી ન્યુઝ)બાબરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા મારામારી અને છેડતીના ગુનામાં સંડોવાયેલા આરોપીનાં જામીન કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવ્યા છે. બાબરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફરીયાદ બી.એન.એસ. અધિનિયમ સેકશન ૩૫૨, ૧૧૫, ૩૫૧, ૭૪, ૫૪ મુજબ આરોપીઓ સામે આક્ષેપ થયેલ જેમાં આરોપીઓને કોર્ટમાં રજુ કરતા સરકાર તરફે સરકારી વકીલ (એપીપી) ની દલીલો સાંભળ્યા બાદ બચાવ પક્ષ તરફે એડવોકેટ એચ.એમ.રાઠોડની દલીલો કોર્ટે સાંભળ્યા બાદ શ્રી એચ.એમ. રાઠોડની દલીલો ગ્રાહય રાખી આરોપીઓને જામીન પર મુક્ત કરવા હુકમ કર્યો હતો.

### સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

## ઢસામાં સાયબર અવેરનેસ કાર્યક્રમ યોજાયો



ઢસા,ઢસા આરજેએચ હાઈસ્કુલમાં તા.૭ ઓગસ્ટના સાયબર ક્રાઈમ અંગે લોકોને જાગૃત કરવા માટે એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઢસા પોલિસ સ્ટેશનના પી.આઈ.એન.પી. રાઠોડ, પી.એસ.આઈ. જે.બી. કંડોળીયા ઉપસ્થિત રહયા હતા. આ કાર્યકમ ડો. જીબી. હેરમાના માર્ગદર્શન હેઠળ સીપીઓ જનાર્દસિંહ ગોલેતર ,ડી.આઈ. કાજલબેન ખેર અને રીનાબેન ડેર દ્વારા સંચાલિત કરવામાં આવેલ. કાર્યક્રમનો મુખ્ય ઉદેશ લોકસમાજ તેમજ વિધાર્થીઓમાં સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ ફેલાવવાનો હતો. પોલિસ અધિકારીઓએ સાયબર સુરક્ષા , તેની મહત્વતા અને સાયબર ક્રાઈમ સામે કેવી રીતે સાવચેત રહેવું તેની વિસ્તૃત માહિતિ આપી હતી. સત્ર દરમ્યાન વિધાર્થીઓને અને સ્થાનિકોને સાયબર ગુનાઓના ઉદાહરણો, સંભવિત જોખમો, અને તેમની સામે કેવી રીતે રક્ષણ મેળવવું તે અંગે માહિતિ આપી હતી.

## મુંબઇમાં શ્રીમદ દેવી ભાગવત કથાનો પ્રારંભ

ભાવનગર, (જયેશ દવે)મુંબઈના બોરીવલી(ઈષ્ટ)ના મોટા અંબાજી મંદિર ખાતે શ્રીમદ દેવી ભાગવત કથા તા.૯ થી ૧૭ ઓગસ્ટ સુધી યોજનાર છે. કથાનો સમય બપોરે ૩ થી ૭ રાખવામાં આવેલ છે. વ્યાસાસને રાજકોટના વાસી પુ.શાસ્ત્રી શ્રી જનકભાઈ એમ. મહેતા બીરાજી અમૃતપાન કરાવશે. વર્ષો બાદ પુ. જનકભાઈ શાસ્ત્રીનું મુંબઈમાં આગમન થતું હોય. ગુજરાતી સમાજમાં આ વિદ્રતજનને સત્કારવા થનગની રહ્યો છે. તેઓનું વિવિધ ધાર્મિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક સેવાકીય સંસ્થાઓ દ્વારા અભિવાદન સમારોહ રખાયેલ છે. વિશેષ માહિતી માટે મો. ૯૪૨૬૪ ૩૦૨૪૫ ઉપર સંપર્ક કરવા જણાવાયુંછે.

## સુરતમાં ડ્રગ્સના કેસમાં ભાજપ આગેવાનના પુત્રની ધરપકડ

સુરત,

સુરતમાં એક આઈસ્ક્રીમ પાર્લરની આડમાં ડ્રગ્સનો વેપાર કરવા માટે વપરાય છે. ઉધના દરવાજા વિસ્તારમાંથી ૩૫ લાખની કિંમતના સ્ઢ ડ્રગ્સનો જથ્થો ઝડપાયો હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જીંટ પોલીસે કપલેથા ચેકપોસ્ટ પરથી રેહાનની ધરપકડ કરી છે. અગાઉ હિન્દુ વાહિનીના નેતાઓ વિકાસ આહિર અને અન્નુની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી વિકાસ આઈસ્ક્રીમ પાર્લરની આડમાં શહેરમાં ડ્રગ્સની હેરાફેરી કરતો હતો.જોકે, તાજેતરમાં સુરતમાં જીંએ ડ્રગ્સ વેચવાની નવી મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ કર્યો હતો. આઈસ્ક્રીમની દુકાનમાં સર્ચ ઓપરેશન હાથ ધરી એસઓજીની તપાસમાં આઈસ્ક્રીમમાં ડ્રગ્સની હાજરી બહાર આવી હતી. આ કેસમાં પોલીસે કુલ ૩ આરોપીઓની ધરપકડ કરી હતી. સર્ચ ઓપરેશનમાં ફૂડ એન્ડ ડ્રગ્સ અને એફએસએલની ટીમો પણ સાથે હતી.

## મોરબીમાં કોંગ્રેસ દ્વારા ન્યાય યાત્રાનો પ્રારંભ

મોરબી,

ગુજરાતના પીડિત પરિવારોને ન્યાય અપાવવા માટે કોંગ્રેસ દ્વારા ન્યાયયાત્રાની શરૂઆત મોરબીથી કરવામાં આવી, વડોદરા હરણી બોટ કાંડ, મોરબી બ્રીજ કાંડ, રાજકોટ ગેમઝોન અગ્નિકાંડ, કાંકરિયા રાઈડ કાંડ, તક્ષશિલા આગ કાંડ જેવી ઘટનાના પીડિતોને ન્યાય અપાવવા માટે કોંગ્રેસ દ્વારા આ યાત્રા નું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રા ૨૩ ઓગસ્ટે ગાંધીનગર ખાતે પુરી થશે. દરરોજ આ યાત્રામાં ૧૦૦ લોકો ૨૦-૨૫ કિલોમીટર પદયાત્રા કરશે. આજે આ યાત્રાની શરૂઆત દરબારગઢ ખાતેથી થઈ હતી. ગુજરાત વિધાનસભાના વિપક્ષના નેતા અમિત ચાવડા, પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્ય જિગ્નેશ મેવાણી, પ્રગતિ આહીર, અમીબેન, મોરબી જિલ્લા કોંગ્રેસના પ્રમુખ કિશોર ચીખલીયા, માજી ધારાસભ્ય અને ગુજરાત પ્રદેશ સેવા દળના પ્રમુખ લાલજી દેસાઈ, ગુજરાત કિસાન કોંગ્રેસના પ્રમુખ પાલભાઈ આંબલીયા, ધારાસભ્ય વિમલ ચુડાસમા સહિતના કોંગ્રેસના આગેવાનો, હોદ્દેદારો અને કાર્યકર્તાઓ તેમજ ઝૂલતા પુલ દુર્ઘટનામાં પોતાના સ્વજનો ગુમાવનાર પરિવારો હાજર રહ્યા હતા.

## અમદાવાદમાં ઇન્સ્ટાગ્રામ દ્વારા પ્રેમ થયો અને પ્રેમીએ દગો આપ્યો

અમદાવાદ,અમદાવાદના મણિનગર વિસ્તારમાં રહેતા એક ૩૫ વર્ષીય મહિલાના લગ્ન ૨૦૦૫માં થયા હતા, તેમના લગ્નજીવન માં પતિ પત્ની વચ્ચે મનમેળ ન રહેતા મહિલાએ પતિ સાથે છુટાછેડા લઈ લીધા હતા. જે બાદ વર્ષ ૨૦૨૧માં મહિલાને ઈન્સ્ટાગ્રામ મારફતે જામનગરના ભાગ્યરાજસિંહ જાડેજા નામનાં યુવક સાથે પરિચય થયો. યુવક મહિલા કરતા ૧૨ વર્ષ નાનો હતો, જોકે બન્ને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. જેના કારણે આરોપી અવારનવાર મહિલાના ઘરે આવતો અને તેને રાજકોટમાં હોટલોમાં લઈ જઈ લગ્ન કરી લઈશ તેવુ જણાવી શારિરીક સંબંધ બાંધતો હતો. વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૪ સુધીમાં આરોપી યુવકે મહિલાને પ્રેમજાળમાં ફસાવી તેની પાસેથી બે આઈફોન, એક અન્ય ફોન, એપલની વોચ, સોનાની વીંટી- ચેઈન, કાનની કડી સહિતની મોંધી ભેટો લીધી તેમજ ખાતામાં ટુકડે ટુકડે ૧૧.૩૮ લાખ મેળવ્યા હતા. આ સમગ્ર બાબતે પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે.

## ધારગણીના અવધ ટાઇમ્સ દૈનિકના પત્રકાર ગૌરાંગ વાળાનો આજે જન્મદિન

### જન્મદિન નિમિતે શુભકામનાનો ધોધ વછુટશે




અમરેલી,

ધારગણીના અવધ ટાઈમ્સ દૈનિકના યુવાન અને જાગૃત પત્રકાર ગૌરાંગ આર. વાળાનો આજે જન્મદિવસ છે. સેવા કાર્યો સાથે તેઓ જન્મદિન ઉજવશે. શ્રી વાળાના જન્મદિને વિવિધ આગેવાનો અને ગ્રામજનો સહિત આજે શુભકામનાઓનો ધોધ વહેતો કરશે.

### અનેરા ઉત્સાહ સાથે 'વિશ્વ સિંહ દિવસ'ની ભવ્ય ઉજવણી

## ધારી મંદિર અને ડેમ સાઈટની નજીક આંબરડી સફારી પાર્ક પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો

### વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં ૬૨,૪૫૧ પ્રવાસીઓએ સફારી પાર્કની મુલાકાત લઇ એશિયાઇ સિંહો સહિતના વન્યજીવોને નજીકથી નિહાળવાનો લ્હાવો માણ્યો




અમરેલી , અમરેલી ગીર એ એશિયાટિક સિંહોનું નિવાસસ્થાન છે. ગીરની એક આગવી ઓળખ એટલે એશિયાઇ સિંહનો આ વિસ્તારમાં વસવાટ! હવે, સિંહ સંવર્ધન પ્રત્યે જાગૃત્તિ વધતા સિંહોની વસતીમાં ઉત્તરોતર વધારો થયો છે. વર્ષ ૨૦૨૦માં સિંહની વસતી વધીને ૬૭૪ થઈ છે. ધારી ગળધરા શ્રી ખોડીયાર મંદિર, ખોડિયાર ડેમ સાઈટ નજીક ધારી ખાતે અમરેલીનું નજરાણું કહી શકાય એવો આંબરડી સફારી પાર્ક છે. ૩૮૦ હેક્ટર વિસ્તારમાં વિકસિત થયેલ આ સફારી પાર્ક પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં ૬૨,૪૫૧ પ્રવાસીઓએ સફારી પાર્કની મુલાકાત લીધી હતી. દેશ-વિદેશથી ગીરની પ્રકૃતિને માણવા અને સિંહ દર્શન માટે આવતા પ્રવાસીઓએ એશિયાઇ સિંહો સહિતના વન્યજીવોને નજીકથી નિહાળવાનો લ્હાવો બસ કરીને માણ્યો છે. સફારી પાર્કમાં પ્રવાસીઓની સુવિધા માટે ધારી પૂર્વ વન વિભાગ દ્વારા ૨ એ.સી અને ૩ નોન એ.સી. સહિત પાંચ બસ રાખવામાં આવી છે. વન્યજીવો માટે પીવાના પાણીની વ્યવસ્થા પણ નિયમિત રીતે કરવામાં આવે છે. વન્યજીવોને પીવાના પાણી માટે ૯ પોઈન્ટ બનાવવામાં આવ્યા છે. આ સફારી પાર્કમાં વિવિધ આકર્ષણો વિકસિત કરવામાં આવ્યા છે, જે પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. ગીરનું કુદરતી સૌંદર્ય અને ગીરના ડાલામથ્થા સિંહ પ્રવાસીઓને આકર્ષે છે. વેકેશન દરમિયાન વિવિધ રાજ્યો અને વિવિધ દેશના પ્રવાસીઓ ગાંડી ગીરમાં મહેમાન બનીને ગીરના અદ્ભૂત સૌંદર્યને માણે છે. પ્રવાસીઓ ગીરના સૌંદર્યને નિહાળી શકે તે માટે વ્યૂ પોઈન્ટ બનાવવામાં છે. ધારી આંબરડી સફારી પાર્ક ખાતે રિસેપ્શન ડેસ્ક, વેઈટીંગ એરિયા, ફૂડ કોર્ટ, વિશાળ પાર્કિંગ, વોટર અને સેનિટેશન સહિતની ઉત્કૃષ્ટ સુવિધાઓ ઉપલબ્ધ છે. નજીકના ભવિષ્યમાં પ્રવાસીઓ સિંહ સહિતના વન્યપ્રાણીઓની અવાજ સહિતની દુનિયા માણી શકે તે માટે ઈન્ટર પ્રિટેશન સેન્ટરની કામગીરી પ્રગતિ તળે છે. ફેરો સિમેન્ટથી બનેલ એશિયાનું વિશાળ એશિયાટિક સિંહનું પ્રાઈડ, લાયન, મેટલ સિંહ, હરણ સહિતના સ્કલ્પચર અને એમ્ફી થિયેટર સહિતની બાબતો પ્રવાસીઓમાં અનેરું આકર્ષણ બન્યું છે. આંબરડી સફારી પાર્કમાં ડિસ્પ્લે પર રાખવામાં આવેલ સિંહોના હુલામણાં નામ પણ છે. બસ સફારી દરમિયાન શેલજા નામની સિંહણ અને ગીરનો મોસ્ટ ફેમસ ડાલામથ્થો સિમ્બા નામનો હાવજ પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બને છે. પ્રવાસીઓ સિંહોને નિહાળીને બસ સફારીનો રોમાંચક આનંદ માણે છે. આંબરડી સફારી પાર્ક ખાતે બસ સફારીનો આનંદ માણતા પ્રવાસી અને બગસરાના વતની શ્રી બકુલભાઈ કોરાટ જણાવે છે કે, આ સફારી પાર્કમાં અમે એશિયાટિક સિંહોને નજીકથી નિહાળ્યા છે. રાજ્ય સરકાર અને વન વિભાગ દ્વારા આ સફારી પાર્કને ખૂબ સારી રીતે વિકસિત કરવામાં આવી છે. તેમણે ગીર જંગલની પ્રકૃતિને અને વન્યજીવો સૃષ્ટિમાં તરબોળ થવાનો આનંદ માણ્યો હતો અને બસ સફારી દરમિયાન પોતાના અનુભવો જણાવ્યા હતા. ગુજરાત એ વિદેશી પ્રવાસીઓની પ્રથમ પસંદગી બન્યું છે. આંબરડી સફારી પાર્ક એ સૌરાષ્ટ્ર સહિત સમગ્ર રાજ્યનું ગૌરવ છે, પ્રવાસીઓને ઉત્કૃષ્ટ સુવિધાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ ઉલ્લેખનીય છે કે, એશિયાઇ સિંહોના સંરક્ષણ માટે ગુજરાત રાજ્ય વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરી રહ્યુ છે. અમરેલી સહિત સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લામાં વર્કશોપ યોજાશે. સ્થાનિક પ્રતિનિધિઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ, પ્રકૃતિપ્રેમીઓ સહભાગી બનશે. વિશ્વ સિંહ દિવસની ઉજવણી સિંહોના સંરક્ષણ માટેનો એક સહિયારો પ્રયાસ છે. ગુજરાત પ્રવાસનની દ્રષ્ટિએ સમૃદ્ધ રાજ્ય છે. આંબરડી પાર્ક અને તેની વિશેષતાઓ વિશે નાગરિકો જ્ઞાત થાય તે માટે સરકાર દ્વારા વિવિધ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આલેખન - ડી.એન.વાળા, તસવીર - એમ.એમ.ધડુક, ફિલ્માંકન-ભૂપત પાથર

### બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર દ્વારા

## બાબરામાં વૃક્ષારોપણ કરાયું

### એક પેડ મા કે નામ કાર્યક્રમ અંતર્ગત વૃક્ષારોપણનું આયોજન



અમરેલી,અમરેલી જીલ્લાના બાબરામાં શ્રીજીનગર સોસાયટીમાં આવેલ બ્રહમાકુમારીઝ કેન્દ્ર દ્વારા પ્રકૃતિને સાથ આપવા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા એક પેડ માં કે નામ અભિયાન ચાલી રહયું છે. તેના ભાગરૂપે વધુ ઓકિસજન આપનાર વૃક્ષનું કેન્દ્રસંચાલિકા બી.કે. ઉષાબેનને ગોડલી ગાર્ડન અમરેલીના બી.કે.આઈ.પી. બારડ, બી.કે. રાજેન્દ્રભાઈ, બી.કે. દિનેશભાઈ બાબર, બી.કે. ચંદુભાઈ કોટીયા, બી.કે. ડાયાભાઈ કારટીયા, હરેશભાઈ બસીયા, કૈલાસબેન, શોભનાબેન, જયાબેન, નાની બાળાયશ્વી, નેન્સી, સહિતે વૃક્ષારોપણ કર્યુ હતું. કાર્યક્રમનું આયોજન કરવા બદલ અમરેલી સેવા કેન્દ્રના સંચાલિકા ગીતાદીદીને બિરદાવ્યા હતા.

### સારહિ યુથ કલબને ૨૫ વર્ષ પુરા થતાં ઉજવણી

## ખાંભામાં નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

### સારહિ યુથ કલબ ઓફ અમરેલી દ્વારા આયોજન



અમરેલી,તા.૦૪/૦૮/૨૦૨૪ ને રવિવાર ના રોજ ખાંભા મુકામે સારહી યુથ ક્લબ ઓફ અમરેલી નાં ૨૫ વર્ષ પૂર્ણ થતાં સેવા વર્ષ ની ઉજવણી નાં ભાગરૂપે શ્રી સારહી યુથ કલબ ઓફ અમરેલી પ્રમુખશ્રી મુકેશભાઈ સંઘાણીના આર્થિક સહયોગ થી સાથો સાથ સત્યમ ઝેરોક્ષ ખાંભાના સહયોગથી તેમજ સુદર્શન નેત્રાલય અમરેલી ના સહયોગ થી વિનામૂલ્યે નેત્ર નીંદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ રાખેલ જેમાં ૧૫૬ આંખોના દર્દીની તપાસ કરવામાં આવી, ૨૭ મોતિયા ના દર્દીને વિનામૂલ્યે ખાંભા થી અમરેલી સુદર્શન હોસ્પિટલ અમરેલી ખાતે ઓપરેશન માં મોકલવામાં આવેલ તેમજ ૩૭ દર્દી ને ચશ્મા પણ આપવામાં આવેલ, સુદર્શન નેત્રાલય અમરેલી નાં ડોકટરશ્રીઓએ આંખ નાં તમામ રોગોની વિનામૂલ્યે તપાસ કરેલ. આ અવસરે ઉપસ્થિત રહેતા સારહી યુથ કલબ ઓફ અમરેલીનાં પદાધિકારી શ્રી સુરેશભાઈ શેખવા સહિત નાં મહાનુભાવો એ હાજરી આપી અને દર્દી નારાયણ ની વ્યવસ્થા અને સેવા કરેલ હતી.

## અમરેલી સારહિ તપોવન આશ્રમમાં રૂપિયા ૫૧૦૦નું અનુદાન અપાયું

### મનોજભાઇ કાબરીયા દ્વારા માતૃશ્રીના સ્મરણાર્થે દાન



અમરેલી, સેવાને સરનામે–ઉમળકા સાથે તા. ૦૫-૦૮-૨૦૨૪ નાં રોજ શ્રી મનોજભાઈ કાબરીયાના માતૃશ્રી સ્વ. અરુણાબેન અનિલભાઈ કાબરીયા ના સ્મણાર્થે (હ શ્રીમતી મનીષાબેન જીગ્નેશભાઈ ઠુંમર) તરફ થી સારહિ યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમ માં ૫,૧૦૦/- રૂ. નુ અનુદાન આપેલ સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થા ની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમ નાં સ્વપ્ર દ્રષ્ટા - પ્રમુખ શ્રી મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવાર ને શુભકામનાઓ પાઠવી. સારહિ પરિવાર વતી હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

### જિલ્લા આપતિ વ્યવસ્થાપન કેન્દ્ર દ્વારા

## ગીર સોમનાથમાં આપદા મિત્રો માટે રીફ્રેશ તાલીમ યોજાઇ

### ફાયર, આરોગ્ય વિભાગ રેડક્રોસ સોસાયટીના સહયોગથી આયોજન



ગીર સોમનાથ,

ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીની સૂચના અન્વયે અને નિવાસી અધિક કલેકટર શ્રી રાજેશ આલના માર્ગદર્શન હેઠળ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર દ્વારા આપદા મિત્રોને એક દિવસીય રિફ્રેશ તાલીમ આપવામાં આવી હતી. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રના જિલ્લા પ્રોજેકટ ઓફિસર (DPO) દ્વારા જિલ્લાના આપદા મિત્રોને ફાયર વિભાગ, આરોગ્ય વિભાગ અને ૧૦૮ ઈમરજન્સી તેમજ રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી ભૂકંપ, પૂર વગેરે ડિઝાસ્ટરની પરિસ્થિતિમાં શું કરવું, શું ન કરવું વગેરે જેવા વિવિધ વિષયો પર આપદા મિત્રોને રિફ્રેશર તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં જિલ્લા પ્રોજેકટ ઓફિસર, જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર ગીર સોમનાથનો તમામ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

## ગડુ પ્રા. શાળામાં ૩૫ કુંડી ગૌ ગાયત્રી યજ્ઞ યોજાયો

### ગં. સ્વ. પુષ્પાબેન મોહનલાલ રાવલના આત્માશ્રેયાર્થે આયોજન



જુનાગઢ, શ્રી ગડું પ્રાથમિક શાળા ના આચાર્યે કૈલાશ વાસી વિપ્ર. મોહનલાલ માધવજી રાવલ અને શિક્ષિકા ગં.સ્વરૂપ સ્વ. પુષ્પા બેન મોહનલાલ રાવલ ના આત્મા શ્રેયાર્થે શ્રી ગડું પ્રથામિક શાળા ના નવા માં શ્રાવણ માસ ના પ્રથમ સોમવારે ૩૫ કુંડી શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞ નું દિવ્ય આયોજન કરવામાં આવ્યુ હતુ. શાળા ના વિદ્યાર્થી ઓ મુખ્ય યજમાન પદે રહ્યા હતા. મૂળ માણાવદર ના માણાવદર થી બદલી માં આવેલા શ્રી ગડું પ્રાથમિક શાળા ના આચાર્યે શ્રી મોહનભાઈ રાવલ અને શિક્ષિકા શ્રી મતી બેન મોહનલાલ રાવલ ૧૧/૦૪/૧૯૭૦ થી ૦૬/૦૭/૧૯૭૧ સુધી શિક્ષક તરીકે ફરજ બજાવી હતી. શ્રી ગડું પ્રાથમિક શાળા અને શાળા ના બાળકો ની વિશેષ આપવાની ભાવના થી ભારતીય સંસ્કૃતિ સંસ્કાર અને પર્યાવરણ અને પ્રકૃતિ ના જતન માટે શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞ નું આયોજન તેમના પરિવારે કર્યુંહતું. શ્રી ગડું પ્રાથમિક ના આચાર્યે મનીષભાઈ વાઢેર ના માર્ગદર્શન હેઠળ શાળા ના વિશાળ પરિસર માં ૩૦૦ બાળકો ને શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞ ના સંયોજક બ્રહ્મ પુત્ર માં નર્મદા પ્રેમી અને ગો ઉપાસક મયૂર મો રાવલે પર્યાવરણ ની શુદ્ધિ અને સંસ્કૃતિ ના જતન માટે યાગ યજ્ઞ જરૂરી છે તેની જાણકારી બાદ ગો કરી, ગરવા ગુજરાત ની જીવા દોરી નર્મદા નદી નું નર્મદા પુરાણ નું પૂજન, ધેનુ માનસ નું પૂજન કરી ૩૫ કુંડી શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞ નો પ્રારંભ થયો હતો. શ્રી ગણેશ ગાયત્રી મંત્ર માળા હોમ, શ્રી ગાયત્રી મંત્ર માળા હોમ , શ્રી સુરભી ગો માતા ના મંત્ર માળા નો હોમ સાથે જય મંત્ર ની ૧૧ આહુતિ અર્પણ કરવામાં આવી હતી. સોપારી થી બીડું હોમી આરતી અને ૩૫ કુંડી શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞ ની પૂર્ણાહુતિ થઈ. શ્રી વિનય આશ્રમ વાળા કથાકાર પૂજ્ય વિનય વ્યાસ જી આશીર્વાદ પાઠવ્યા હતા. શાળા ના આચાર્ય શ્રી મનીષભાઈ વાઢેર, સ્ટાફ પરિવાર, શ્રી દેવદાસ બાપુ દેવમોરારી, શ્રી રસિક ભાઈ રાઠોડ ભંડુરીવાળા ભીખારામ બાપુ હરિયાણી અને વિજય ભાઈ પરમાર અને શાળા ના વિદ્યાર્થી ગણે જહેમત ઉઠાવવી હતી.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

## કચ્છ જિલ્લામાં નેનો ફર્ટીલાઈઝર ખાતરમાં સરકારી સહાયતાના ધોરણે ખેડૂતો ખરીદી કરી શકશે

ભુજ,

નેનો યુરિયા (પ્રવાહી)એ ભારત સરકારના ફર્ટિલાઈઝર કન્ટ્રોલ ઓર્ડર (એફ.સી.ઓ.) દ્વારા સૂચિત વિશ્વનું પ્રથમ નેનો ખાતર છે. જેના થકી, છોડને નાઈટ્રોજન કે ફોસ્ફરસ જેવાં તત્વો પ્રવાહી સ્વરૂપમાં સીધા છોડને ઉપલબ્ધ કરાવી શકાશે. નેનો ફર્ટિલાઈઝર પોષક તત્વોથી સમૃદ્ધ, જમીન, પાણી અને હવાના પ્રદૂષણને ઘટાડવામાં સમર્થ છે. તેમજ નેનો ફર્ટિલાઈઝરનો પરિવહન અને જાળવણી ખર્ચ પણ ઓછો છે. સ્પ્રેના કારણે, આ યુરિયા તેમજ ડીએપીનો સંતુલિત ઉપયોગ થાય છે, જે પર્યાવરણ માટે સારું છે. નેનો ફર્ટિલાઈઝરના સંતુલિત ઉપયોગને કારણે છોડમાં રોગો અને જીવાતોનું જોખમ નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે તેમજ તેનો ઉપયોગ અનાજ, કઠોળ, શાકભાજી, ફળ, ફૂલ અન્ય સહિત તમામ પાકોમાં ઉપયોગ કરી શકાય છે. ખેતીમાં યુરિયાના આડેધડ ઉપયોગથી બચવા માટેની ગંભીર સમસ્યાથી છૂટકારો મેળવવા માટે પણ નેનો ફર્ટિલાઈઝર દરેક તબકકે વરદાન સાબિત થશે. નેનો યુરિયા ખેડૂતોને રૂ. ૨૨૫ રૂપિયા પ્રતિ બોટલ તથા નેનો ડીએપી રૂ. ૬૦૦ પ્રતિ બોટલના ભાવે ઉપલબ્ધ થશે. જે પરંપરાગત યુરિયાની બેગ કરતાં ૧૦ ટકા તથા ડીએપી બેગ કરતાં ૫૦ ટકા ઓછી કિંમતે ઉપલબ્ધ થશે. આથી ખેડૂતો દ્વારા ખેતી પાછળ કરવામાં આવતા ખાતર ખર્ચમાં પણ નોંધપાત્ર ઘટાડો કરી શકાશે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125
LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજીટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

સત્યમેવજયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં ૬
તા.૧૦-૦૮-૨૦૨૪ શનિવાર

શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

### સારહિ યુથ કલબ ઓફ અમરેલી દ્વારા વેપારીઓ માટે

# અમરેલીમાં આજે સંઘર્ષથી સફળતા સુધી સેમિનાર યોજાશે

**અમરેલીના વેપારીઓ માટે આજે યોજાનારા માર્ગદર્શન સેમિનારમાં તર્જજ્ઞો દ્વારા માર્ગદર્શન અપાશે : સેમિનારનું ઉદ્દઘાટન શ્રી મુકેશભાઇ સંઘાણી કરશે**

**માર્ગદર્શન સેમિનારમાં વેપારીઓએ કેવી રીતે સંઘર્ષનો સામનો કરી સફળતાના શિખરો ઉપર પહોંચવું તે અંગે વિસ્તૃત માહિતી પ્રદાન કરવા થયેલું આયોજન**



અમરેલી,

અમરેલીમાં વેપારીઓ માસે એક વિશેષ સેમિનાર સંઘર્ષથી સફળતા સુધી યોજાશે.

ખાસ કરીને વેપારી મિત્રોને આ સેમિનારનું કેવીરીતે વિવિધ સંઘર્ષોનો સામનો કરી શિખર ઉપર પહોંચવું તે અંગે માર્ગદર્શનનો લાભ લેવા સારહિ યુથ કલબ ઓફ અમરેલી દ્વારા જણાવાયું છે. તા.૧૦-૮-૨૪ને શનિવારે રાત્રે ૯થી ૧૧ હોટલ એન્જલ લોડસ ઇન જુના માર્કેટયાર્ડ અમરેલી ખાતે ત્રીજા માળે રાત્રીના ૯ થી ૧૧ દરમિયાન યોજાનાર સેમિનારનું ઉદ્દઘાટન સારહિ યુથ કલબના શ્રી મુકેશભાઈ સંઘાણી કરશે.

આ અંગે વધુ વિગતો માટે ધ્યેય પંડયા ૮૨૦૦૧ ૪૧૯૧૫નો સંપર્ક કરવા અને સેમિનારમાં ભાગ લેવા જણાવાયું છે.

### અમરેલી જીલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા ખરીફ પાકના વાવેતરની વિગતો જાહેર કરી

# અમરેલી જીલ્લામાં કપાસનું ૨૭૭૩૪૯ તેમજ મગફળીનું ૧૮૨૧૪૭ હેકટરમાં વાવેતર કરાયું

**અમરેલી જિલ્લામાં સૌથી વધુ કપાસ અને મગફળીનું વાવેતર કરવામાં આવ્યું : તેલીબીયા, શાકભાજી, ઘાસચારો સહિતનું વાવેતર**

અમરેલી,
અમરેલી જીલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૪ના ખરીફ પાકોના વાવેતરના આંકડાની અંતિમયાદી જાહેર કરવામાં આવી છે. જેમાં જીલ્લામાં કપાસ ૨૭૭૩૪૯ હેકટરમાં તથા મગફળી ૧૮૨૧૪૭ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે. જયારે ઘાસચારો ૧૬૫૩૦ હેકટર શાકભાજી ૩૨૧૬ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે. અમરેલી તાલુકામાં હેકટરમાં વાવેતરોમાં મગ ૧૦૦ અડદ-૨૫ મગફળી -૧૨૦૭૦, તલ ૨૦૦, સોયાબીન-૩૦૦, કપાસ ૪૮૫૦૦, શાકભાજી -૫૦૦, ઘાસચારો ૨૮૦૦, બાબરા-તુવેર ૧૩૭, મગ-૧૮૮, મઠ-૭૫, અડદ -૧૦૯, મગફળી ૨૮૮૯૫, તલ ૧૮૭, દિવેલા-૧૦૬, સોયાબીન-૧૫૨, કપાસ -૨૫૫૮૨ શાકભાજી ૯૦૯, ઘાસચારો ૨૫૩૩ હેકટરમાં વાવેતર થયેલ છે. બગસરા તાલુકામાં મગ-૬, અડદ-૨, મગફળી ૭૪૬૪, તલ-૨, સોયાબીન ૫૭૨૮, કપાસ ૧૪૦૫૬, શાકભાજી ૧૧૪, ઘાસચારો ૨૪૭ હેકટરમાં, ધારી તાલુકામાં તુવેર-૨૦૨, મગ-૧૫, અડદ-૫, મગફળી ૨૯૯૨૦, તલ ૨૫, સોયાબીન ૩૦૦, કપાસ ૨૫૦૦, શાકભાજી ૨૫૨, ઘાસચારો ૧૦૦૦ હેકટરમાં, જાફરાબાદ તાલુકામાં બાજરી ૫૦, તુવેર ૨૦, મગ-૮૦, અડદ-૭૦, મગફળી ૯૦૦૦, તલ ૧૫, સોયાબીન -૫૦, કપાસ ૧૦,૦૦૦, શાકભાજી-૨૦૦, ઘાસચારો ૮૮૦ હેકટરમાં ખાંભા તાલુકામાં તુવેર ૧૫, મગ-૧૦, અડદ-૫ મગફળી ૧૬૧૧૦, તલ ૨૦૦, સોયાબીન ૪૦૦, કપાસ ૧૬૩૮૦, શાકભાજી ૨૧૦, ઘાસચારો ૧૧૯૦ હેકટરમાં લાઠી તાલુકામાં મગ-૧૫, મગફળી ૯૫૦૦, તલ ૩૦, સોયાબીન-૭૦, કપાસ ૩૬૫૦૦, શાકભાજી -૧૦૦, ઘાસચારો ૧૬૦૦ હેકટરમાં લીલીયા તાલુકામાં તુવેર -૫૦, મગ-૫૦, અડદ -૨૫, મગફળી ૫૦૦, તલ ૨૧૫, સોયાબીન -૧૦૦, કપાસ ૨૬૦૦૦, શાકભાજી ૧૬૦, ઘાસચારો ૧૬૯૦ હેકટરમાં, રાજુલા તાલુકામા બાજરી ૧૬૦, તુવેર ૧૬૦ મગ-૧૦૦, મઠ-૨૦, અડદ-૧૦, મગફળી ૧૨૩૫૦, તલ-૨૫૦, સોયાબીન -૫૦, કપાસ -૨૦૧૮૦, શાકભાજી -૩૩૦, ઘાસચારો ૩૫૦૦ હેકટરમાં, સાવરકુંડલા તાલુકામાં તુવેર ૫૬, મગ ૨૯, મગફળી ૨૮૭૯૬, તલ ૩૫, સોયાબીન ૧૫૦, કપાસ ૩૭૫૧૭, શાકભાજી ૪૦૯, ઘાસચારો ૮૯૦ હેકટરમાં, કુંકાવાવ તાલુકામાં મગફળી ૨૭૫૪૨, સોયાબીન ૧૧૭, કપાસ ૧૭૬૩૪, શાકભાજી ૩૨, ઘાસચારો ૨૦૦ હેકટરમાં વાવેતર થયેલ છે. અમરેલી જીલ્લામાં મગફળીનું સૌથી વધુ વાવેતર ધારી તાલુકામાં ૨૯૯૨૦ હેકટરમાં તેમજ કપાસનું સૌથી વધુ વાવેતર અમરેલી જીલ્લામાં અમરેલી તાલુકામાં ૪૮૫૦૦ હેકટરમાં થયેલ છે.

# અમરેલીના હનુમાનપરામાં ૨૪ કલાક અખંડ રામધુન યોજાશે

**શ્રી પંચમુખી ધુન મંડળ દ્વારા અખંડ રામધુનનું આસ્થાભેર આયોજન**

અમરેલી, અમરેલીના હનુમાનપરામાં પંચમુખી ધુન મંડળ દ્વારા ૨૪ કલાકની અંખડ રામધુન યોજાશે જેનો તા.૧૦-૮-૨૪ના શનિવારે સવારે ૬ કલાકે પ્રારંભ થશે અને તા.૧૧ને રવિવારે પુર્ણાહુતિ કરાશે. પંચમુખી હનુમાનજી મંદિર, હનુમાનપરા અમરેલી ખાતે કાર્યક્રમનો લાભ લેવા પંચમુખી ધુન મંડળે જણાવ્યું છે.

# અમરેલી સારહિ તપોવન આશ્રમને રૂપિયા ૫૧ હજારનું અનુદાન અપાયું

**શ્રી છેલભાઇ વ્યાસ પરિવાર દ્વારા અપાયેલું દાન**



અમરેલી,

સેવાને સરનામે –ઉમળકા સાથે તા. ૦૨-૦૮-૨૦૨૪ નાં રોજ શ્રી છેલભાઈ વિશ્વનાથજી વ્યાસ (ગુરુજી) દ્વારા સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમ માં ૫૧,૦૦૦/- રૂ. નું અનુદાન આપેલ સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થાની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમ નાં સ્વપ્નદ્રષ્ટા-પ્રેરણાસ્ત્રોત-સારહી યુથ કલબના પ્રમુખશ્રી મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવાર ને શુભકામનાઓ પાઠવી. આ અવસરે સારહી યુથ કલબના પ્રમુખશ્રી મુકેશભાઈ સંઘાણી તથા ટ્રસ્ટી શ્રી સુરેશભાઈ સેખવા એ અનુદાન સ્વીકારેલ સારહિ પરિવાર વતી હૃદય પૂર્વક આભાર માનવામાં આવ્યો હતો.

# લીલીયાના સોસાયટી વિસ્તારોમાં માર્ગો બિસ્માર

**અક્ષર અને વિવેકાનંદ સોસાયટીના રહીશો દ્વારા સ્વખર્ચે રોડ રીપેર કરાવાયા**



અમરેલી, લીલીયા શહેરમાં રોડ રસ્તા અતિખરાબ હોવાના કારણે રાહદારીઓ અને વાહન ચાલકો હેરાન પરેશાન થઈ રહયા છે. તેવા સમયે અક્ષર સોસાયટી અને વિવેકાનંદ સોસાયટીના રહીશોએ પોતાના સ્વ. ખર્ચે લેઉવા પટેલ છાત્રાલયથી અક્ષર સોસાયટી સુધી ૪૦ જેટલા મોરમના ટ્રેકટર નખાવી રસ્તો રીપેર કરાવ્યો હતો. આ તકે લોકોમાં જવાબદારતંત્રના સતાધીશો સામે રોષ જોવા મળી રહયો છે. અક્ષર સોસાયટીના પ્રમુખ દિલિપભાઈ સોળીયા, પી.એમ. રાખસીયા, મેરામભાઈ ગરણીયા, જેરામભાઈ બુહા, જયંતિભાઈ બુહા, ઉંજાભાઈ શીંગાળા, સુનિલભાઈ આચાર્ય સહિતના લોકો આ કામગીરીમાં જોડાયા હતા.

# અકાળાના અવધ ટાઇમ્સના પત્રકાર શ્રી રાજુદાદા વ્યાસનો આજે જન્મદિન

**શ્રી વ્યાસના ૬૬માં જન્મદિને સેવા પુજા સાથે ઉજવણી**



અમરેલી,

લાઠીના અકાળા ગામના અવધ ટાઇમ્સના પત્રકાર શ્રી રાજુભાઈ વ્યાસનો આજે જન્મદિન છે. ૬૬માં વર્ષમાં પ્રવેશ નિમિતે એકનાથ મહાદેવના સાનિધ્યમાં જળાભિષેક, મહાપુજા અભિષેક, મહામંત્ર, થાળ આરતી કરી સેવા કાર્યો કરશે. જન્મદિન ઉજવશે. જન્મદિને મો.નં.૯૩૨૭૬ ૩૩૦૧૦ ઉપર આજે શુભકામનાઓનો ધોધ વહેતો થશે.

### અત્યાચાર નિવારણ સમિતિ કારોબારી સભાની બેઠક સંપન્ન

# અમરેલી જિલ્લામાં ઉંદર પકડવાની જાળ (ગ્લુ ટ્રેપ)ના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધ

**અમરેલી જિલ્લા કલેકટરશ્રી-વ-અમરેલી જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સમિતિના અધ્યક્ષ શ્રી અજય દહિયાએ કર્યા જરુરી સૂચનો**



અમરેલી, અમરેલી જિલ્લા કલેકટરશ્રી-વ-અમરેલી જિલ્લા પ્રાણી અત્યાચાર સમિતિના અધ્યક્ષ શ્રી અજય દહિયાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. અમરેલી જિલ્લા સેવાસદન ખાતે, અમરેલી જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સમિતિની ચાલુ વર્ષ ૨૦૨૪-૨૦૨૫ની પ્રથમ કારોબારી સભાની બેઠક યોજાઈ હતી. અમરેલી જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સમિતિના સભ્ય સચિવ-વ-નાયબ પશુપાલન નિયામકશ્રી ડો. એસ.બી. કુનડિયાએ ગત બેઠકની કાર્યવાહી નોંધ સાથે જિલ્લા કામગીરીઓ વિશેની વિગતો રજૂ કરી હતી. આ બેઠકમાં કારોબારી સભામાં લેવાના થતાં એજન્ડાઓની ચર્ચા કરવામાં આવી હતી. ઉંદર પકડવાની જાળ (ગ્લુ ટ્રેપ) ના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધના હુકમની અમલવારી કરવા માટે જિલ્લા કલેકટરશ્રીએ સૂચના આપી હતી. આ બેઠકમાં અમરેલી જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સમિતિના ઉપાધ્યક્ષ-વ-જિલ્લા વિકાસ અધિકારીશ્રી પરિમલ પંડ્યા, અમરેલી નાયબ પોલીસ અધિક્ષકશ્રી ગોહિલ, સરકારી વકીલશ્રી, સમિતિના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### શ્રી સોમનાથ પદયાત્રા સંઘ દ્વારા

# સાવરકુંડલાથી સોમનાથ પદયાત્રા સંઘને વિદાય આપી

**ગત તા. ૭મીએ પદયાત્રાનો પ્રારંભ કરાયો, ૧૧મીએ સોમનાથ દાદાને ધ્વજા ચડાવી પરત આવશે**



ફતેપુર, (સતિષ રાઠોડ) સાવરકુંડલા થી સોમનાથ પદયાત્રા શ્રી સોમનાથ પદ્ યાત્રા સંઘ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે સાવરકુંડલા થી સોમનાથ સુધીની પદયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં અંદાજે ૭૦ થી ૮૦ પદયાત્રી અને સ્વયંસેવકો આ પદયાત્રામાં સહભાગી બનશે. પદયાત્રા તારીખ ૦૭/૦૮/૨૦૨૪ ના રોજ સાવરકુંડલા થી આરંભ કરવામાં આવેલો જે તારીખ ૧૧/૦૮/૨૦૨૪ના રોજ સોમનાથ મંદિરે પૂર્ણ થયા બાદ સોમનાથ દાદાને ધજા ચડાવવાનો કાર્યક્રમ રાખેલ હોય જેમાં સર્વ પદયાત્રીઓ ભાગ લેશે, છેલ્લા ત્રીસેક વર્ષથી શૈલેષભાઈ જોશી, ચેતનભાઈ જોશી તેમજ કમલેશભાઈ કડવાણી, વિક્રમભાઈ, નિલેશભાઈ ચોહાણ જેવા શિવ ભક્તો દ્વારા આ સંઘનું આયોજન કરવામાં આવે છે તેમજ રસ્તામા ઠેકઠેકાણે ચા-નાસ્તા, ભોજન-પ્રસાદ, ઉતારાની વ્યવસ્થા થી લયને તમામ પ્રકારની સુવિધા મળી રહે તેવું સુંદર આયોજન કરી સર્વ ભક્તો માટે શિવજીના આશિર્વાદ મેળવે છે. સાવરકુંડલાના તમામ ધર્મપ્રેમી અને શિવભક્તો દ્વારા સહર્ષ આ પદયાત્રામાં સાથ સહકાર આપવા અને ભાગ લવામા આવે છે.

# કેરિયાનાગસમાં આરોગ્ય કર્મચારી આશાવર્કરોની સરાહનીય કામગીરી

**ગ્રામજનોએ આરોગ્ય ટીમ અને આશાવર્કરોને બિદાવ્યા**



કેરિયાનાગસ, (ભરતભાઈ હરખાણી)

અમરેલીના કેરિયાનાગસમાં તા.૭-૮-૨૪ના રોજ મમતા દિવસ નિમિતે તપાસ માટે આવેલ મજુર પરિવારની ૮ માસ સર્ગભા મહિલાએ પોતાને રાતનો દુખાવો શરૂ હોવાનું જણાવતાં આરોગ્ય કર્મચારી હેતલબેન જોષીએ તાત્કાલીક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી આશાબેન સાથે શાંતાબા હોસ્પિટલમાં રિફર કર્યા હતાં. ત્યાં ફરજ પરના ડોકટરે તપાસ કરતાં સર્ગભા મહિલાને બાળક આડુ હોવાથી તાત્કાલીક સિજેરીયનનો ઓપરેશન કરવાનું જણાવી આ મહિલાની ચોથી પ્રસુતિ હોય તેમના પતિને હેતલબેન દ્વારા સમજાવતાં તે ઓપરેશન માટે તૈયાર થયેલ આ રીતે આરોગ્ય કર્મચારીએ હેતલબેન જોષી તેમજ આશા વર્કર ભાનુબેન મેરિયાએ સમય સુચકતાં દાખવી અને સારી સેવા આપતાં માતા તથા બાળકને જોખમમાંથી ઉગારી લીધા હતાં.

# મોટા ઝીંઝુડાના ક્ષત્રિય સમાજના આગેવાન શ્રી જસુભાઇ ખુમાણનો આજે જન્મદિવસ

**આજે જન્મદિને શુભકામનાઓનો ધોધ વહેતો થશે**



અમરેલી, સાવરકુંડલા તાલુકાના મોટાઝીંઝુડા ગામના વતની અને અમરેલી જીલ્લા કાઠી ક્ષત્રીય સમાજના યુવા અગ્રણી, મોટાઝીંઝુડા સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી, સાવરકુંડલા તાલુકાની સોનલ માઁ ઈન્ડિયન ગેસ એજન્સીના માલિક, સંતપ્રેમી તેમજ વિવિધ સેવાકીય પ્રવુતિઓ સાથે જોડયેલ સેવાભાવી જસુભાઈ બાવભાઈ ખુમાણ નો આજે જન્મ દિવસ હોવાથી તેમનો મોબાઈલ નંબર ૯૯૯૮૩૮૩૬૬૬ પર સાધુ સંતો, સામાજીક, રાજકીય અગ્રણીઓ જન્મદિવસ ની શુભેચ્છા પાઠવી રહ્યા છે.

### મોગલ માં માનવ સેવા ટ્રસ્ટ સુરતના સહયોગથી

# ચલાલામાં ૪૨મો સર્વજ્ઞાતિય સમુહલગ્નોત્સવ યોજાશે

**જોડાવા ઇચ્છુકોએ પોતાની નામ નોંધણી કરાવવા અનુરોધ**

ચલાલા, (પ્રકાશ કારીયા)

ચલાલામાં શ્રી મોગલમાં માનવ સેવા ટ્રસ્ટ સુરતના સહયોગથી શિવ સાંઇ ગ્રુપ ચલાલા દ્વારા ૪૨ માં સમુહલગ્ન તુલસી વિવાહના આયોજન સાથે યોજાશે. આ સમુહ લગ્નમાં મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી વહેલા તે પહેલાના ધોરણે ફોર્મ ભરવાનું તા.૭-૮-૨૪ પ્રારંભ કરેલ છે. સમુહલગ્નમાં જોડાવવા માટે દિકરાની ઉંમર ૨૧ વર્ષ અને દિકરીની ઉંમર ૧૮ વર્ષ પુરા હોય તેમણે જ સંપર્ક કરવો. સમુહલગ્નના આયોજનનો મુખ્ય હેતુ ગરીબ પરિવારની દિકરીઓને ઘર ઉપયોગી કરિયાવરની વસ્તુ વધુને વધુ મળે તેવા પ્રયત્નો સાથે કરવામાં આવે છે. મા-બાપ વગરની દિકરીઓના લગ્ન વિનામુલ્યે કરી આપવામાં આવશે. તેમજ સરકારી યોજનાઓનો લાભ દરેક દિકરીઓને મળે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. તેમ ચલાલાના પત્રકાર પ્રકાશભાઈ અને વિપુલભાઈ કારીયાની યાદીમાં જણાવાયું છે.

